વર્તન વાતો કરે

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આપણે આપણા વિચારો સાથે એટલા બધા લાગણીથી જોડાઈ જઈએ છીએ કે આપણે ગમે તેમ કરીને આપણી વાત સામેવાળાના મનમાં ઠસાવવાના પ્રયત્નો આદરીએ છીએ

મોટાભાગે માણસમાત્રને બીજાને સમજાવવા-સુધારવાનો આગ્રહ સતત રહ્યા કરે છે. આ માટે તે સતત શસ્ત્ર ઉપાડે છે – શબ્દોનું.

'તને કેટલી વખત કહેવાનું?'

'તું સમજતો કેમ નથી?'

'આ છેલ્લી વાર કહું છું.'

આવા આવા શબ્દપ્રયોગો દ્વારા આપણે સામેવાળી વ્યક્તિ પર વારે વારે હુમલા બોલાવી દઈએ છીએ. પણ પરિણામ લગભગ આપણી અપેક્ષા સુધી પહોંચતું નથી. જ્યારે મહાપુરુષો આવા કોઈ પણ શસ્ત્રનો પ્રયોગ કર્યા વિના કેવળ પોતાના વર્તન દ્વારા જ કહેવાનું ઘણું બધું કહી દે છે.

ભારતમાં અંગ્રેજોનું રાજ હતું, તે સમયની વાત છે. અમદાવાદમાં મદદનીશ ન્યાયાધીશ તરીકે અંગ્રેજ અફસર કિન્લોક ફાર્બસની નિમણૂક થઈ. આ અંગ્રેજે અમદાવાદમાં આવીને કવીશ્વર દલપતરામની પાસે ગુજરાતી ભાષા શીખવી શરૂ કરી. સામે પક્ષે, તેઓ કવીશ્વરને ગુજરાતી સાહિત્યમાં રચના કરવા પ્રોત્સાહિત કરતા. ધીમેધીમે બંને વચ્ચે મિત્રતા વધવા લાગી. એક વખત આ બંને મહાપુરુષોને સુરતના નવાબ સાહેબે મિજલસમાં આવવાનું આમંત્રણ પાઠવ્યું. ફાર્બસે દલપતરામને કહ્યું કે, 'મિજલસમાં આપણે બંને સાથે જઈશું.' પણ દલપતરામે કહ્યું કે, 'ત્યાં તો બીભત્સ નાચ-ગાન હોય. હું તે જોતો નથી.' ફાર્બસ ઊંડા ઊતરી ગયા. પોતાના હૃદયમાં રહેલો સદાચારનો હંસલો જાણે ઢંઢોળાયો. તેઓએ પણ મિજલસમાં ક્યારેય ન જવાનો નિર્ણય લીધો. આ છે વર્તનની અસર.

સામાન્ય રીતે આપણે આપણા વિચારો સાથે એટલા બધા લાગણીથી જોડાઈ જઈએ છીએ કે આપણે ગમે તેમ કરીને આપણી વાત સામેવાળાના મનમાં ઠસાવવાના પ્રયત્નો આદરીએ છીએ. આ માટે શરૂ થયેલો સહજ વાર્તાલાપ ક્યારેક ઉગ્ર ચર્ચા સુધી પહોંચે છે. પ્રતિપક્ષીને પોતાના પક્ષે ભેળવવા માટે શરૂ થયેલી આવી ચર્ચા મોટેભાગે પરિણામ લાવવામાં નિષ્ફળ નીવડે છે. ક્યારેક આવી ચર્ચા મિત્રો વચ્ચે મોટી તિરાડ પણ સર્જી દે છે. એની સામે શુદ્ધ આશયથી થયેલું નાનું એવું વર્તન પણ કેટલી સહજતાથી સામેવાળાના હૃદયમાં સત્પ્રેરણાનું ઝરણું વહાવી શકે છે!?

ભગવાન સ્વામિનારાયણે પણ પોતાના પરમહંસોને શીખ આપી હતી કે, 'તમે વર્તન શુદ્ધ રાખજો. તમારું વર્તન વાતુ કરશે.' ભગવાન સ્વામિનારાયણનાં વચનોને જીવનારા પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ આ ગુણ ઊડીને આંખે વળગે એવો રહ્યો છે.

પ્રસંગ છે સન ૧૯૬૭ની સાલનો. સૌરાષ્ટ્રના ગોંડલ નગરમાં ગુરુ યોગીજી મહારાજના ૭૫મા જન્મજયંતી મહોત્સવની પૂર્વતૈયારીની સેવામાં પ્રમુખસ્વામી મહારાજ જોડાયા હતા. એક વખત બન્યું એવું કે તેઓ નિર્માણ પામી રહેલી હોસ્ટેલનું બાંધકામ જોવા માટે નીકળ્યા હતા. સમૈયામાં આ ભવન પણ ઉપયોગમાં લેવાનું હોવાથી બાંધકામ સમયસર પૂરું થાય એ આવશ્યક હતું. ગુરુકુળના આ ભવનના બીજા માળે આવેલા પ્રાર્થનાખંડમાં લાદી બેસાડવાનું કામ મુંબઈના લવજીભાઈ સંભાળી રહેલા. પ્રમુખસ્વામી મહારાજે તેઓને પૂછ્યું : 'કામ કેવું ચાલે છે ?'

ત્યારે તેઓએ કહ્યું, 'છેલ્લા ચાર-પાંચ દિવસોથી લાદીઓ ઉપર ચડાવીને મજૂરોના હાથમાં છાલાં પડી ગયાં છે તેથી બધા મજૂરો કામ અટકાવીને બેઠા છે. લાદીઓ ઉપર ચડાવવાની ના પાડે છે.'

પ્રમુખસ્વામી મહારાજે વિચાર્યું કે આપણે જાતે જ આ કાર્ય ઉપાડી લઈએ. તેઓ ત્યાં ગયા. કોઈનેય, કશુંય કહ્યા સિવાય બાર લાદીઓની થપ્પી પોતાના માથા પર ઉપાડી અને બીજે માળે જઈને ઉતારી ! BAPS સંસ્થાના પ્રમુખ હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજ કોઈ પણ પ્રકારની સેવા કરવામાં હંમેશાં તત્પર રહેતા. લવજીભાઈને તો વિશ્વાસ જ નહોતો આવતો કે, 'સમૈયાની વર્કિંગ કમિટીના અધ્યક્ષ કે જેમના એક ઈશારે કેટલાય લોકો સેવાને સમર્પિત થઈ જાય તે પોતે આજે પોતાના માથે લાદીઓ ઉપાડી રહ્યા છે ?!' મોવડી મજૂર બંને એ દૃશ્ય સગી આંખે જોવા છતાં તેઓના મનમાં ઊતરતું નહોતું!! પ્રમુખસ્વામી મહારાજે કોઈને ટોણો કે ટકોર ન કર્યાં પણ હરખભેર સેવામાં જોડાયા. આ નિરપેક્ષ સેવાની અસર એ થઈ કે તેઓને જોઈને અન્ય ભક્તો પણ સેવાસ્થળે દોડી આવ્યા અને લાદીઓ ઉપર ચડાવવા લાગ્યા.

આવા પ્રસંગોની શૃંખલાઓને લીધે જ કદાચ અંગ્રેજીમાં કહેવત પડી હશે કે, 'Your actions speak louder than your words.' આપણા વર્તનનો અવાજ એટલો મોટો હોય છે કે આપણી વાણીનો ધ્વનિ એમાં દબાઈ જાય છે.

sanskar@sandesh.com

થોડું આયોજન તો કરી જુઓ ?

+વાઇબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આપણને કહેવામાં આવે કે તમને રોજ સવારે ૮૬,૪૦૦ રૂપિયા આપવામાં આવશે. તમે તે રૂપિયા તમારી રીતે વાપરી શકો છો. પણ શરત એટલી કે દિવસના અંતે ન વપરાયેલા રૂપિયા તમારી પાસેથી પાછા લઈ લેવામાં આવશે. રોજ મળતી આ માતબર રકમના વપરાશ માટે આપણે કેટલું સૂક્ષ્મ આયોજન કરીએ?

બસ, આવી જ રીતે આપણને પણ રોજ સવારે ૮૬,૪૦૦ રૂપિયા આપવામાં આવે છે - સમયના રૂપમાં. કારણ કે કહેવાયું છે કે, Time is money. જો આપણે આખા દિવસમાં મળતી સેકન્ડ્સની ગણતરી કરીએ તો એનો સરવાળો થાય છે – ૮૬,૪૦૦નો. પૃથ્વી પર વસતા તમામ લોકોને ભગવાન રોજ સરખો જ સમય આપે છે. એક સેકન્ડ પણ વધતી-ઓછી નહીં. કોઈને અન્યાય નહીં,

પરંતુ તેનો ઉપયોગ કોણ કેવી રીતે કરે છે તેનાથી ફરક પડી જાય છે. ગાંધીજી માટે એવું કહેવાય છે કે તેઓએ દાતણ કરતાં કરતાં ભગવદ્ ગીતાનો મુખપાઠ કર્યો હતો. વળી, જ્યારે તેઓને મુલાકાતીઓ મળવા આવતા ત્યારે એક મુલાકાતી વિદાય થાય અને બીજા મુલાકાતી એમની પાસે આવે, એની વચ્ચેના સમયના વપરાશ માટેનું પણ તેઓ આયોજન કરતા. મહાપુરુષો સમયની ખેંચ માટે ક્યારેય બૂમો નથી પાડતા પણ એમાંથી રસ્તો કાઢવાનો પ્રયાસ કરે છે.

> **ગાંધીજી માટે એવું કહેવાય છે કે તેઓએ દાતણ કરતાં કરતાં ભગવદ્ ગીતાનો મુખપાઠ કર્યો હતો. તેઓ પોતાનો થોડો સમય પણ અગત્યનાં કાર્યોમાં પસાર કરતા**

પ્રમુખસ્વામી મહારાજે પણ અનેકવિધ પ્રવૃત્તિઓની વચ્ચે પોતાના જીવનકાળ દરમ્યાન ૭.૫ લાખથી વધુ પત્રો લખ્યા હતા. અતિ વ્યસ્ત દૈનિક ક્રમની વચ્ચે પણ તેઓ આ સિદ્ધિ હાંસલ કરી શક્યા એનું મુખ્ય કારણ તેઓની સમયના ઉપયોગ સંબંધી નિપુણતા જ હતી. પ્રમુખસ્વામી મહારાજ ૧૨ જૂન, ૧૯૯૦ના દિવસે ડૉ. દીક્ષિતની લેબોરેટરીમાં એક્સ-રે પડાવવા પધાર્યા હતા. ડૉક્ટર જ્યારે એક્સ-રે લેવા માટેની તૈયારી કરતા હતા ત્યારે પ્રમુખસ્વામી મહારાજે હરિભક્તોએ મોકલેલા પત્રો પૈકી એક પત્ર વાંચવો શરૂ કર્યો. એક્સ-રે લેવાનો સમય થયો ત્યારે પ્રમુખસ્વામી મહારાજે એટલા સમય પૂરતો પત્ર બાજુ પર મૂકી એક્સ-રે પડાવ્યો અને પછી પુનઃ પત્રપઠનમાં પરોવાયા. કુલ પાંચ એક્સ-રે પડાવવાના હતા. દરેક એક્સ-રેની વચ્ચે મળતા નાના નાના સમયખંડોમાં પ્રમુખસ્વામી મહારાજે આ જ સિલસિલો જારી રાખ્યો. વિશ્વના ઇતિહાસમાં બે એક્સ-રે વચ્ચે મળતા સમયના ટુકડાઓનો ઉપયોગ પહેલી વખત આવો અસરકારક રીતે થયો હશે.

આ જ રીતે લોકોએ તેઓને પોતાની જ જન્મજયંતીના ભવ્ય મંચ ઉપર પણ પત્ર લખતા જોયા છે તો ક્યારેક ચાલુ મુસાફરીએ ટ્રેન અથવા ગાડીમાં પત્ર વાંચતા પણ જોયા છે. અરે, ટ્રેનની રાહ જોતાં રેલવે પ્લેટફોર્મ ઉપર પણ પત્રવ્યવહારમાં પરોવાયેલા જોયા છે. આકાશમાં ફગાવેલો પાણો પાછો પૃથ્વી પર આવ્યા વિના રહેતો નથી, તેમ પ્રમુખસ્વામી મહારાજને લખાયેલા પત્રનો ઉત્તર પત્ર લખનારને મળ્યા વિના રહેતો નહીં.

કોઈ એક પત્રનો અસરકારક જવાબ આપવા માટે તે પત્રને ધ્યાનથી વાંચી સમજવો પડે. તેમાં પુછાયેલી વિગતોના ઉત્તરો કાગળ પર ટપકાવવા પડે અને અંતે તેને મોકલવા માટેની યોગ્ય કાર્યવાહી કરવી પડે. તેઓ દ્વારા થતાં અનેકવિધ દૈનિક કાર્યોમાં પત્રવ્યવહારનું કાર્ય તો એક હતું. આ સિવાય તેઓ રોજ સેંકડો લોકોને મુલાકાતો આપતા, દિવસની બે-ત્રણ સભાઓમાં કથા કરતા, નિત્ય સરેરાશ ૨૦-૨૫ હરિભક્તોના ઘરે પધરામણીઓ કરતા અને સંસ્થાની વહીવટી મિટિંગો કરતા. આટઆટલી પ્રવૃત્તિઓ કરવા છતાં પણ તેઓએ ક્યારેય સમયના ખેંચ સંબંધી ફરિયાદ કરી નથી, કારણ કે તેઓ પોતાને મળતી એક-એક સેકન્ડનો પૂર્ણ ઉપયોગ કરી જાણતા.

જેટલી સેકન્ડ્સ પ્રમુખસ્વામી મહારાજને કે ગાંધીજીને મળતી હતી, એટલી જ સેકન્ડ્સ આપણને પણ મળે છે. નિર્ણય આપણે કરવાનો છે – આપણે સમયની ખેંચ માટેની ફરિયાદો કરતાં કરતાં જીવન પૂરું કરવું છે? કે એના ઉપયોગનું યોગ્ય આયોજન કરીને જીવન પૂર્ણ બનાવવું છે? નોકરી, પરિવાર, મિત્રો બધા માટે સમય મળી રહેશે. થોડું આયોજન તો કરી જુઓ.

sanskar@sandesh.com

દરેકને જીવનમાં કોઇને કોઇ વિઘ્નો તો આવવાનાં જ!

તે ર વર્ષની નાની વયે જ આંખોએ જેને અલવિદા કહ્યું હતું તેવા જર્મનીના એરિક વેનમાયર એવરેસ્ટની ટોચ આંબી ગયા! કારણ શારીરિક પડકાર ઘણા હતા પરંતુ તે તેના ધ્યેયને અંધ નહોતા કરી શક્યા.

પેટ્રોલપંપ પર નોકરી કરનાર ધીરુભાઈ અંબાણીને આર્થિક ભીસ ક્યાં ઓછી હતી! છતાં પરિસ્થિતિની સામે મંડ્યા રહેવાના અભિગમથી ધીરુભાઈ પ્રગતિના પર્વત ચઢી શક્યા. રિલાયન્સનું સામ્રાજ્ય સ્થાપી શક્યા.

અરે, બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાનને ક્યાં અગમચેતી મળેલી, પરંતુ પરિસ્થિતિના તાબે થયા વિના સકારાત્મક વલણ રાખીને અને સંપીને સહુ એક દિશામાં આગળ વધ્યા. જેના કારણે જાપાન થોડા સમયમાં બેઠું થઈ ગયું.

અમેરિકન લેખક હેન્રી ડેવિડ થોરોએ ગ્રેજ્યુએટ થયા પછી પ્રોફેસર થવા એક કૉલેજમાં અરજી કરી, તેઓ નાપાસ થયા, પરંતુ હાર્યા કે થાક્યા વિના વિઘ્નોનો સામનો કરતા રહ્યા તો આજે તે જ કૉલેજમાં અને યુનિવર્સિટીમાં થોરોનાં પુસ્તક અભ્યાસક્રમમાં છે.

જીવનમાં વિઘ્નો તો આવવાનાં જ છે. તેને કોઈ રોકી નથી શકવાનું, પરંતુ હા, તેનો સામનો કરીને વિઘ્નને પડકારી જરૂર શકવાનાં. ખરેખર આવા સમયે આપણો અભિગમ જ આપણી પ્રતિભાનું પ્રતિબિંબ છે. આજે માણસ આ જગ્યાએ થાપ ખાતો જોવા મળે છે.

એક શબ્દમાં જોઈએ તો પડકાર એટલે આહ્વાન. બીજી રીતે કહીએ તો જીવનમાં પ્રતિકૂળ સંજોગોનું ઓચિંતું આગમન. પડકારની અભિવ્યક્તિ જુદી જુદી હોઈ શકે છે. જેમ કે, અકસ્માતમાં શરીરનાં અંગને ખોટ ખાવાનો વારો આવે તે શારીરિક પડકાર. ધંધામાં આર્થિક ખેંચ ઊભી થાય તે આર્થિક પડકાર અને કુદરત તરફથી આવતી આપત્તિઓ નૈસર્ગિક પડકાર.

આમ, લૌકિક ક્ષેત્રે આગળ વધેલી વ્યક્તિઓએ પડકાર સામે ટક્કર ઝીલી તો સફળતા પામ્યા. હવે એથી આગળની વાત કે

જીવનમાં વિઘ્નો તો આવવાનાં જ છે. તેનો સામનો કરીને વિઘ્નને પડકારી જરૂર શકવાનાં. આવા સમયે આપણો અભિગમ જ આપણી પ્રતિભાનું પ્રતિબિંબ છે

પોતા માટે તો આપણે કદાચ ગમે એવી પ્રતિકૂળ પરિસ્થિતિ સામે લડી શકીએ, પણ જ્યારે બીજા માટે ખમવાની વાત આવે તો? ગમે એવા ખમતીધરનું ખમીર એ બાબતે ડગી જાય ખરું. બીજા માટે પણ કેફિયતથી પડકારોને પડકારનાર હતા - વિરલ સંતવિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ. જીવનમાં ઘણાં કાર્યો કરનાર આ વિભૂતિનું કોઈ એક કાર્ય મોખરે મૂકવું હોય તો તેઓશ્રીએ કરેલું જનજાગૃતિનું કાર્ય મૂકી શકાય. એ પછી ૭૦૦૦૦૦ પત્રો લખીને કે ૪૦,૦૦,૦૦૦ લોકોને વ્યક્તિગત મળીને કે ૧૭,૦૦૦ ગામડાંનાં ૨,૫૦,૦૦૦ ઘરોમાં પધરામણી કરીને કે ૧૧૦૦ મંદિરો કરીને તેઓએ સમાજને સતત જાગ્રત રાખ્યો છે.

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આવું કઠિન કાર્ય કરવા છતાં જીવનમાં દૈહિક વિઘ્નો પણ કંઈ ઓછાં નથી આવ્યાં. તેઓના જીવનમાં ઈ.સ. ૧૯૮૦માં મોતિયાનું ઑપરેશન, ઈ.સ. ૧૯૮૩માં પ્રથમ હૃદયરોગનો હુમલો, ઈ.સ. ૧૯૮૧માં ગૉલબ્લેડરનું ઑપરેશન, ઈ.સ. ૧૯૯૮માં બાયપાસનું ઑપરેશન, ઈ.સ. ૨૦૧૧માં બીજો હૃદયરોગનો હુમલો અને ઈ.સ. ૨૦૧૨માં પેસમેકરનું ઑપરેશન. આવી કોઈ શારીરિક પ્રતિકૂળતા તેઓને રોકી શકી નથી. કેવળ બાયપાસ ઑપરેશન બાદ પૂ. પ્રમુખસ્વામી મહારાજે ૭૪૫ મંદિરો કર્યાં છે. ભારતની સંસ્કૃતિને વિશ્વમાં ઉજાગર કરતાં અક્ષરધામનું સર્જન કર્યું છે. બીજાના સુસ્વાસ્થ્ય માટે રાત-દિવસ કાર્યરત હૉસ્પિટલો, અંતરિયાળ ગામોમાં ફરતી મોબાઈલ હૉસ્પિટલો કરી છે. જે ઉંમરે પહોંચ્યા પછી પડખું ફરવું પણ એક પ્રોજેક્ટ બની જાય, ત્યારે સ્વામીશ્રી શારીરિક વિઘ્નોની પરવા કર્યા વિના કાર્ય કરતાં રહ્યા.

જ્યારે જ્યારે સમાજ ઉપર કોઈ પણ પ્રકારની તકલીફ આવી ત્યારે ત્યારે મદદનો પ્રથમ હાથ આપવામાં અગ્રેસર સ્વામીશ્રીને સૌએ જોયા છે. ઈ.સ. ૧૯૮૭નો કારમો દુષ્કાળ હજુ આજે પણ ગુજરાતને યાદ છે. મૂક પશુઓ અને તેમના માલિક-ખેડૂતોની વેદનાને પામીને પ્રમુખસ્વામી મહારાજે ગુજરાતમાં ચાર ઠેકાણે કેટલકેમ્પ કરેલા. આ પ્રકલ્પમાં જ્યારે આર્થિક ખેંચ ઊભી થઈ ત્યારે સ્વામીશ્રીએ સાથેના કાર્યકર્તાઓને વાત કરેલી કે, 'હું ચાર ગામડા વધુ ફરીશ પણ આપણે આ સેવા-કાર્ય ચાલુ રાખવાનું છે.' આ કથનમાં તેઓનો અભિગમ કેટલો હકારાત્મક છે તે જણાય છે. આમ, સ્વામીશ્રીએ ખૂબ મક્કમતાથી આર્થિક અને કુદરતી વિઘ્નોને ગણકાર્યા વિના કાર્ય કર્યું છે, તેથી આજે ન કેવળ ગુજરાત પરંતુ આખું વિશ્વ તેઓનું સ્મરણ કરે છે.

sanskar@sandesh.com

મહાન બનવાની ચાવી શું હોઇ શકે એ જાણો છો તમે?

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

પરીકથાઓ લખી વિશ્વવિખ્યાત બનનાર ડેન્માર્કના હાન્સ ક્રિશ્ચિયન ઍન્ડરસનને અંગ્રેજ લેખક ચાર્લ્સ ડિકન્સ સાથે ખૂબ સારી મિત્રાચારી હતી. ઍન્ડરસન પોતાના નિવાસી સ્થળ ડેન્માર્કથી ઈંગ્લૅન્ડ આવી ચાર્લ્સ ડિકન્સના ઘેર ઘણું રોકાતા. તેઓના રોકાણ પાછળ એક જ કારણ હતું કે, ડિકન્સ તરફથી તેઓને પોતાની પ્રશંસા સાંભળવા મળતી. છતાં તેઓની માનની ભૂખનો ખાડો કદી પુરાયો નહોતો. પ્રશંસા સાંભળી તેઓ અચૂક કહેતા : 'ચામાં પૂરતી ખાંડ નથી.' અર્થાત્ હજુ મારાં વખાણ ઓછાં પડે છે જરા વધુ વખાણ કરો! (પૂરતું માન ન મળ્યાની ફરિયાદ એમની ક્યારેય અટકતી નહીં.)

સંત તુલસીદાસ પણ લખે છે,
કનક તજ્યો, કામિની તજ્યો
તજ્યો ધાતુ કો સંગ
તુલસી લઘુ ભોજન કરી,
જીવે માન કે રંગ

આ અહંકારના ગાળિયામાંથી પશુ પણ બાકાત રહેતા નથી. ખેડૂત જ્યારે બળદને પણ 'બાપો બાપો' કહી વખાણે તો દોઢા ભારનું ગાડું ખેંચી કાઢે છે, રેસનો ઘોડો બીજા ઘોડાથી પાછળ રહી જાય તો તે ઘોડાને ડિપ્રેશન આવી જાય છે અને વજન પણ ઘટી જાય છે ! આથી જ 'મારાં ગુણગાન ગવાવાં જોઈએ' એ પ્રશંસાનાં વલખાં ઉલ્લંઘવા તે સામા પૂરે તરવા જેવું છે. જેને પોતાની સ્તુતિ ગમે તે સ્તુત્ય નથી.

કેટલીક વાર માન ન મળતા વ્યક્તિ હતાશા અને નિરાશામાં ગરકાવ થઈ જાય છે અને ઘણી વાર તો જીવનનો અંત પણ આણે છે. હૉલિવૂડનો પ્રખ્યાત ફિલ્મ ડિરેક્ટર એન્ટોન ફસલ. વર્ષે ૧૨ લાખ ડૉલરની આવક હતી. છતાં મનમાં સતત એક જ વિચાર કે, 'મારી કદર દુનિયા કરતી નથી.' જેના કારણે તે સતત ડિપ્રેશનમાં રહેતો. અર્નેસ્ટ હેમિંગ્વે એક મહાન લેખક. ઈ.સ. ૧૯૫૪માં સાહિત્યનું નોબેલ પ્રાઇઝ મળ્યું હતું, પરંતુ ટીકાકારોના પ્રહાર સહન ન કરી શકતા ૬૩ વર્ષે આત્મહત્યા કરી.

કેટલાક પ્રશંસાપ્રિય પોતાની પ્રશંસા કરાવવા 'cheering party' સાથે જ ફેરવતા હોય છે. તો ઘણા લોકો પોતાનાં સન્માનપત્રો મઢાવીને રાખે છે. જ્યારે મહાપુરુષોને પોતાના સન્માન કે અપમાનની કંઈ પડી નથી હોતી. એક વાર એક ગામમાં પ્રમુખસ્વામી મહારાજનો સત્કાર સમારંભ યોજાયો. આ સભાની પૂર્ણાહુતિ સમયે લોકોમાં વહેંચાયેલાં સન્માનપત્રોની પસ્તી ઉપર જ સૌને પ્રસાદ પીરસાતો હતો. તે જોઈ સ્વામીશ્રી હસીને કહેઃ 'આ જ બરાબર છે.'

> **પ્રશંસાપ્રિય વ્યક્તિ ટીમવર્કની વાત કરે, પણ ટીમમાં હું મુખ્ય છું એમ કહી નાખે**

પ્રશંસાપ્રિય વ્યક્તિ ટીમવર્કની વાત કરે, પણ ટીમમાં હું મુખ્ય છું એમ કહી નાખે. તેને કોઈ પણ કાર્યમાં સામેથી માથું મારી બધા ઉપર છવાઈ જવાની વૃત્તિ વિશેષ રહે છે, પરંતુ 'કરું તો હું કરું' એ ભાવના મુશ્કેલીઓ સર્જે છે. તેને બીજો ખાટી જાય તે ગમે જ નહીં. આ સુપરિન્ટેન્ડન્ટ પ્રકૃતિ છે. બીજી તરફ ૧૯૯૨માં ગાંધીનગર અક્ષરધામ ઉદ્ઘાટન મહોત્સવમાં નાનામાં નાના સ્વયંસેવકથી માંડી પ્રમુખસ્વામી મહારાજ સુધી કોઈ જ વ્યક્તિ મહોત્સવ સેવાની ક્રેડિટ લેવા તૈયાર નથી - એમ અનુભવીને લાલકૃષ્ણ અડવાણીજી અત્યંત આશ્ચર્ય પામ્યા હતા.

'Frozen thoughts' નામના સામયિકમાં છપાયેલો Anatomy of praise નામનો લેખ મનનીય છે. પ્રશંસાને ઝંખતો માણસ હંમેશાં અતૃપ્ત જ રહે છે. પ્રશંસાનો ઉપભોગ ન મળતા તે આઘાત તથા માનસિક રોગ સાથે ક્યારેય withdrawal symptomsનો ભોગ પણ બની જતો હોય છે. અહીં ફલિત થાય છે કે અપમાન સહેવું સહેલું, પણ સન્માન જીરવવું ઘણું કઠણ છે.

આનાથી વિપરીત લંડનમાં હજારો ભાવિકો વચ્ચે હાથીની સવારી હોય કે અંતરિયાળ હાલોલ ગામની નગરયાત્રામાં ફક્ત એક વ્યક્તિ - પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં અલમસ્તાઈમાં જ રહેતા. પોતાના વિરાટ કાર્યનું લેશમાત્ર અભિમાન નહીં. બધો જ યશ ભગવાન સ્વામિનારાયણ અને ગુરુને ચરણે ધરી દેતા. ચાલો, આવા અહંશૂન્ય મહાપુરુષમાંથી આપણે પણ અહમને શૂન્ય કરતા શીખીએ.

sanskar@sandesh.com

ખરા સ્નેહનો ખરો જાદુ

અમેરિકામાં જ્હોની કેશ નામે મોટા ગજાનો ગાયક થઈ ગયો. તેણે જીવનકાળ દરમ્યાન ૧,૫૦૦થી વધુ ગીતો ગાયાં. સંગીત ક્ષેત્રનું લબ્ધપ્રતિષ્ઠ ગ્રેમી પારિતોષિક મેળવ્યું. સન ૧૯૬૧ના એક જ વર્ષમાં તેણે ૨૯૦ કાર્યક્રમો કરેલા, જેમાં કુલ મળીને દસ લાખ લોકો ઉપસ્થિત રહેલા, પરંતુ સન ૧૯૫૭થી તે ડ્રગનો બંધાણી થઈ ગયો. તેનું જીવન બગડવા, ગબડવા અને લથડવા લાગ્યું. તેણે જ લખ્યું છે કે, 'હું મારા કાર્યક્રમો અને રેકોર્ડિંગની તારીખો રદ કરી રહ્યો હતો. વધુ પડતી ગોળીઓના સેવનથી મારું ગળું સુકાઈ જવાને કારણે હું ગાઈ શકતો ન હતો. છ ફૂટ અને દોઢ ઈંચની ઊંચાઈ ધરાવતા મારા શરીરનું વજન ૧૫૫ પાઉન્ડ સુધી ઊતરી ગયું હતું. જેલો, હૉસ્પિટલો અને ગાડીઓના ભંગારમાં મારી આવનજાવન ચાલુ રહેતી. હકીકતે હું એવું અનુભવી રહેલો કે જાણે હું હાલતું ચાલતું મોત છું, જીવનના અતિ મલિન તળિયે હું પહોંચી ગયો હતો. આમ, બધેથી હતાશ થયેલા તેણે ટેનેસીની નીકાજેક ગુફામાં અથડાઈ-કુટાઈને જીવનનો અંત આણી દેવાનું નક્કી કર્યું.'

ખરેખર, આ ગુફા એવી અડાબીડ અને અટપટી છે કે એમાં પ્રવેશેલાનું બહાર નીકળવું લગભગ અશક્ય બની જાય છે. ઘણાએ તેમાં પ્રાણ ખોયા છે. જ્હોની કેશ કેલિફોર્નિયાથી ત્યાં ગયો. અંધારી ગુફામાં કલાકો સુધી રઝળીને મૃત:પ્રાય થઈને તે ઢળી પડ્યો, પરંતુ અથડાતાં-કુટાતાં યોગાનુયોગ અચાનક તે ગુફાની બહાર આવી ગયો. તે સમયે પોતાની માતા અને પત્ની જૂન કાર્ટરને ત્યાં ઊભેલાં જોયાં. તે બંને જ્હોન્ની કેશની ભાળ કાઢતાં અહીં આવી પહોંચેલાં, પણ નિઃસહાય બની ગુફાની બહાર ઊભાં રહેલાં. જ્હોનીને જોતાં જ તેઓએ લેશ પણ અણગમો બતાવ્યા વિના તેને પ્રેમથી આવકાર્યો અને તેની દેખભાળ કરવા લાગ્યા. તે સ્નેહ-સંભાળે શું જાદુ કર્યો તેનું બયાન આપતાં તે કલાકાર લખે છે કે, 'જૂને મારી જિંદગી બચાવી. હું આજે જીવતો છું તેનું કારણ તે છે. તેણે મારા જીવનરાહમાં દિશા ચીંધી છે. હું જ્યારે નબળો થયો ત્યારે તેણે મને ઊંચક્યો છે. હું જ્યારે હતાશ થયો ત્યારે તેણે મને હિંમત આપી છે. હું જ્યારે એકલવાયો અને ઓરમાયો થયો ત્યારે તેણે મને પ્રેમ આપ્યો છે.' આમ, પત્ની અને માતાના સ્નેહે તે કલાકારને બચાવી લીધો.

> **ઘણા લોકો એવાં હોય છે જેમની સાથે વાત કરીને એવું લાગે કે તે આપણી સાથે જાણે દિલથી વાત કરી રહ્યાં છે. એમણે કહેલાં એક એક બોલ દિલથી બોલાયેલાં હોય જે સીધા જ દિલમાં ઉતરે**

તેની ડ્રગની લત છૂટી ગઈ અને જીવન પુનઃ સીધી લીટીમાં આવી ગયું.

ઉપરોક્ત સત્યઘટનામાં 'પ્રેમ'ની તાકાત દેખાય છે. જેમ્સ ઓટ્રાય યથાર્થ બોલ્યા છે કે, 'સ્નેહાળ સંભાળ પૂરેપૂરી દુનિયા બદલી શકે છે. એ દુનિયા ભલેને યુવાનની જ કેમ ન હોય?' કહ્યું છે કે 'By a sweet tongue and kindness, you can drag an elephant with a hair,' હાથી જેવા કદાવર જનાવરને પણ કાચા સૂતરના તાંતણે દોરી શકાય છે, જો મમતા હોય તો.

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

ન્યૂજર્સીમાં રહેતા એક યુવાનનાં લગ્ન માતા-પિતાએ ધામધૂમથી કરાવ્યાં, પણ તે પછી એ યુવાને પત્નીને દેશમાંથી બોલાવવાનો સાફ ઈન્કાર કરી દીધો. સગાંવહાલાં સમજાવીને થાક્યાં. મા-બાપ તો કંઈ કહી શકે તેમ જ નહોતાં. તે અરસામાં જ ન્યૂજર્સીમાં જ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી 'ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ' યોજાયો. ઉત્સવ પ્રસંગે એ યુવાન સ્વામીશ્રીના સંપર્કમાં આવ્યો. સ્વામીશ્રીના સ્નેહ અને સૌહાર્દથી એ યુવાન ભીંજાયો. એક સાંજે સ્વામીશ્રીએ તેને લગ્ન બાબતે પૂછ્યું ત્યારે તેણે કહ્યું : 'આપ કહો તે કરવા તૈયાર છું. આપના આશીર્વાદ હોય તો હું તેને બોલાવીશ.' આમ, સ્નેહના જાદુથી એક પેચીદો પ્રશ્ન પળમાં પીગળી ગયો.

સાચું જ કહેવાયું છે કે That which cometh from heart, goes to the heart. અર્થાત્ જે હૃદયમાંથી નીકળે છે તે હૃદય સોંસરવું ઊતરે છે. તમે કોઈવાર આ વાત જાતે પણ અનુભવી હશે. ઘણા લોકો એવાં હોય છે જેમની સાથે વાત કરીને એવું લાગે કે તે આપણી સાથે જાણે દિલથી વાત કરી રહ્યાં છે. એમણે કહેલાં એક એક બોલ દિલથી બોલાયેલાં હોય એમ લાગે જે સીધા જ દિલમાં ઉતરે, તેને ગ્રહણ કરવાનું ખરેખર મન થાય, જેને અનુસરવાનું મન થાય. તો ચાલો પ્રમુખસ્વામી મહારાજમાંથી પ્રેરણા લઈ આપણે પણ આપણાઓ પ્રત્યે હૃદયનો સેતુ રચીએ.

sanskar@sandesh.com

પરિવાર બરબાદ કરતું આ ઝેર છે

હમણાં શ્રાદ્ધપક્ષ ગયો. દૂધપાક જમવાનો સુવર્ણ સમય. ધારો કે એ દરમ્યાન એક દિવસ આપણે ઘરે પહોંચ્યા: 'ડાઈનિંગ ટેબલ' ઉપર સુંદર મોટો કટોરો, ઠંડા દૂધપાકથી ભરેલો પડ્યો છે. ત્યાં બેસીને તમે બસ દૂધપાક પીવા જ જઈ રહ્યા છો, કટોરો મોઢા સુધી આવી ગયો છે... એ જ સમયે દોડતાં આવીને કોઈ તમને એમ કહે: 'આ કટોરામાં મેં એક સાપને મોઢું નાખતા જોયો છે.' બસ, આ એક જ વાક્ય. પણ શું હવે આપણે એ દૂધપાક પીશું? તમે કહેશો 'ના.' કેમ? આટલો સરસ દૂધપાક છે, તાજું ગાયનું દૂધ કઢ્યું છે, બદામ-પિસ્તાં-ચારોળી નાખીને કેસર-એલાયચીવાળો સુગંધીદાર દૂધપાક બનાવ્યો છે; તો પણ નહીં? ના. કારણ કે ખબર છે કે 'જેમાં ઝેર હોય, એનાથી મૃત્યુ નિશ્ચિત જ છે.'

બસ, એમ જ આપણા કુટુંબમાં ગમે એટલા રૂપિયા હોય, જાહોજલાલી, સગવડ-સુવિધા હોય, પણ જો 'એક વસ્તુ' હશે તો આપણો જ પરિવાર આપણને ઝેર જેવો લાગવા માંડશે. તે છે આપણા ઘરમાં ફેલાઈ રહેલું એકબીજાના અવગુણ જોવાનું ઝેર, જેને આપણે ઓળખી રાખવા જેવું છે. માત્ર ઓળખી રાખવું નહીં, તેને સંપૂર્ણ કાઢી નાંખવા જેવું છે. કોઈકની ભૂલ થઈ હોય, કોઈકનો એવો સ્વભાવ હોય, કોઈકની કદાચ એવી આદત હોય, પણ તેની ચર્ચાઓ આપણે બીજા સાથે કરીએ, બીજાના દોષોને જ આપણી વાતોનો વિષય બનાવીએ - ત્યારે આપણને પોતાને જ ઘણું બધું નૈતિક અને કૌટુંબિક નુકસાન થતું હોય છે. બહારથી એ નુકસાન દેખાય નહીં, પણ તે આપણને અંદરથી ખોખલા - લાગણીવિહોણા, બીજા પ્રત્યે ખોટા પૂર્વગ્રહવાળા બનાવી દે છે. બીજાના દોષો જોવાનું ઝેર આપણને અંદરથી બાળી મૂકે છે.

બજારમાં આપણે શ્રીફળ લેવા જઈએ, ત્યારે આપણે તેને હલાવીને અંદર પાણી છે કે નહીં? તેની અવશ્ય તપાસ કરીએ છીએ, કારણ કે સારું શ્રીફળ કે ખોરું શ્રીફળ બંને બહારથી તો સરખાં જેવાં જ દેખાતાં હોય, પણ ખોરું શ્રીફળ અંદરથી રસવિહોણું થઈ ગયું હોય છે. એમ જ્યારે આપણે સ્વજનોના અવગુણ જોઈએ ત્યારે આપણું કાળજું પણ એવી ખોરી દાનતથી ગંધાવા માંડે છે. કવિવર દલપતરામ બીજાના અવગુણ ગાનારને એક સુંદર દૃષ્ટાંત કટાક્ષથી સમજાવે છે:

ઊંટ કહે આ સમામાં
વાંકા અંગવાળા, ભૂંડા
ભૂતળમાં પશુઓ ને
પક્ષીઓ અપાર છે;
બગલાની ડોક વાંકી
પોપટની ચાંચ વાંકી, કૂતરાની પૂંછડીનો વાંકો
વિસ્તાર છે;
વારણ(હાથી)ની સૂંઢ વાંકી વાઘના છે નખ
વાંકા, ભેંસના તે શિર વાંકાં શિંગડાનો ભાર
છે;
સાંભળી શિયાળ
બોલ્યો દાખે
દલપતરામ, અન્યનું
તો એક વાંકું આપના
અઢાર છે...

બીજાના અવગુણ જોનાર પહેલાં પોતે સમજે કે 'અન્યનું તો એક વાંકું મારાં અઢાર છે.' એટલે જ બીજાના સ્વભાવો-દોષો જ્યારે આપણને દેખાય ત્યારે 'શું કરવું?' એ સમસ્યાનું સમાધાન આપતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સમજાવે છે કે 'સ્વભાવ તો હોય, એની સામું ન જોવાય. એ સ્વભાવને નિભાવતાં આવડવું જોઈએ. બધા વચ્ચે બીજાના સ્વભાવની વાત ન કહેવાય. એની ચર્ચા અંદરોઅંદર પણ ન કરાય. અવગુણની વાત થાય તો પરિવારમાં કુસંપ થાય ને પ્રશ્નો થાય. અવગુણ દેખાય તો ખરો, પણ તેને ગા ગા ન કરવો. પોતાનો દોષ, પોતાનો વાંક જોવો અને બીજાના ગુણ ગ્રહણ કરવા.'

આપણું મન-હૃદય એક 'સોફ્ટ-બોર્ડ' છે. આપણે જેટલું પણ કંઈ વિચારીશું, જે પણ કંઈ ભાવના બીજા પ્રત્યે કરીશું, એ બધું એના પર 'પીન-અપ' થઈ જશે. હવે પસંદગી આપણી છે - બીજાના અવગુણો, દોષો જોઈને આપણા મન-હૃદયને કાબરચીતરું, ગંધાતું, ઉદ્વેગથી ધગધગતું બનાવવું છે કે સાચા સંત પ્રમુખસ્વામી મહારાજ થકી મળેલા આ સકારાત્મક વલણ પ્રમાણે સૌના ગુણો ગ્રહીને નિર્મળ, સુંદર અને શાંતિપ્રિય બનાવવું છે? નિર્ણય લેવા જેવો છે. હજુ પણ મોડું નથી થયું. તમે કોઈ માટે સારું વિચારશો તો તમારું પણ સારું જ થશે એ હંમેશા યાદ રાખવું. જો બીજા માટે ખરાબ વિચારશો તો બીજાનું ખરાબ થવાનુ હશે તો જ થશે, તેના નસીબમાં હશે તો જ થશે પણ આપણું મગજ ચોક્કસ બગડશે એ યાદ રાખવા જેવી બાબત છે, કારણ કે બીજાનાં ખરાબ વિચારો આપણાં મનને અશાંતી આપે છે. સરવાળે બીજાનું ખરાબ વિચારનારનું જ મન ખરાબ થતું હોય છે.

sanskar@sandesh.com

બધા વચ્ચે બીજાના સ્વભાવની વાત ન કહેવાય. એની ચર્ચા અંદરોઅંદર પણ ન કરાય. અવગુણની વાત થાય તો પરિવારમાં કુસંપ થાય ને પ્રશ્નો થાય. અવગુણને ગા ગા ન કરવા.'

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

શું આ તમારી ફરજ નથી?

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

એક ખૂબ પ્રસિદ્ધ બોધકથા છે. એક વાર એક ઉંદર એક યોગસિદ્ધ ઋષિ પાસે ગયો ને કહ્યું કે બિલાડીઓ મને મારી નાંખવા પાછળ દોડે છે, આપ આપની શક્તિથી મને બિલાડી બનાવી દો. ઋષિને દયા આવી અને તેને બિલાડી બનાવી દીધો, પરંતુ પછી એને કૂતરાની બીક લાગી. એટલે ફરી ઋષિ પાસે ગયો. ઋષિની કૃપાથી તે ઉત્તરોત્તર બિલાડીમાંથી કૂતરો, દીપડો અને અંતે સિંહ બન્યો જેથી કોઈનો ભય ન રહે, પરંતુ સિંહ બન્યા બાદ તેણે ઋષિ મહાત્મા પર જ તરાપ મારી. જેની કૃપાથી મોટો થયો, શક્તિશાળી બન્યો તેની જ હત્યા કરવા તત્પર થઈ ગયો!

ખરેખર! માનવનું મનોવલણ કેટલું અટપટું છે! પોતે કરેલા ઉપકારોની લાંબી યાદી વિનાપ્રયાસે જીભના ટેરવે રાખે છે, પણ પોતે કોનો? અને કેટલો ઋણી છે? તે વાત તો તેના ધ્યાનમાં જ નથી રહેતી.

જેના આધારે વ્યક્તિ આગળ વધે, પ્રગતિ સાધે તેને જ ભૂલી જાય; તે માનવની કેવી કારમી વિકૃતિ છે! માતા-પિતાના ઉપકારોને જે વિસારી દે છે, તે સ્વયં તેનાં મા-બાપના અંતરમાંથી વિસરાઈ જાય છે. એટલું જ નહીં, તેનામાંથી જ શીખીને તેનાં સંતાનો પણ એવું જ વલણ તેની વૃદ્ધાવસ્થામાં અપનાવે છે. પછી તો 'વડ તેવાં ટેટાં અને બાપ તેવા બેટા' એવું નહીં, પણ 'બાપ કરતાં બેટા સવાયા' એવા દિવસો જોવાનો પણ વારો આવે.

એની સામે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સંતો આપણને કેવું વલણ શીખવાડે છે? સન ૧૯૭૪ની વિદેશયાત્રા દરમ્યાન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં એક હરિભક્તના ઘરે પધાર્યા. તેઓના એક અંગ્રેજ પડોશી સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. તેઓની ઓળખાણ મેળવતાં પ્રમુખસ્વામીજીને ખ્યાલ આવ્યો કે 'તે ભાઈને તેઓનાં સંતાનો મૂકીને ચાલ્યાં ગયાં છે. તેઓ એકલા-અટૂલા છે. પાછલી જિંદગી દુ:ખમાં પસાર કરી રહ્યા છે.' આ વિગત જાણી સ્વામીશ્રી દ્રવી ઊઠ્યા. તેઓએ તરત જ હરિભક્તને ભલામણ કરી કે 'તમારે આ અંગ્રેજની એક કુટુંબીજનની જેમ સંભાળ રાખવી.'



મા-બાપની ખબર રાખવી, તેમની સેવા કરવી તે આપણી સંસ્કૃતિ છે. ખરેખર, તેમના અનંત ઉપકાર છે. આપણને એમનો સ્વભાવ ન ગમે... તો એમની મોટી ઉંમરમાં આપણે મન મોટું રાખીને સહન કરી લેવું

આ વાતને એક દશકો પસાર થઈ ગયો. સન ૧૯૮૪માં પ્રમુખસ્વામી મહારાજ ફરી વાર લંડન પધાર્યા ત્યારે તે અંગ્રેજ સ્વામીશ્રીને મળવા દોડી આવ્યા અને ગદ્ગદિત થઈ સ્વામીશ્રીને કહેવા લાગ્યા: 'આપનો ખૂબ ખૂબ આભાર. છેલ્લાં દસ વર્ષથી આપના આ હરિભક્ત મારી ખૂબ સંભાળ રાખી રહ્યા છે. આપે મારી પાછલી જિંદગી સુધારી દીધી.'

એક વાર ચાણક્યની માતાએ ચાણક્યને કહેલું કે, 'તારા આગલા બે દાંત જોઈને મને ખાતરી છે કે ભવિષ્યમાં તું મહાન પુરુષ બનીશ ત્યારે તારી માને ભૂલી જઈશ.' પોતાની માતાનાં આવાં વચન સાંભળી ચાણક્યએ પથ્થરથી પોતાના બે દાંત તોડી નાખ્યા અને માતાને કહ્યું 'મારી માતાના સુખની આડે જે વસ્તુ આવે તે મારે ન જોઈએ. દાંત તોડીને મેં તો કેવળ તારી ઉદાસીનતા દૂર કરી છે.'

પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતા: 'મા-બાપની ખબર રાખવી, તેમની સેવા કરવી તે આપણી સંસ્કૃતિ છે. ખરેખર, તેમના અનંત ઉપકાર છે. આપણને એમનો સ્વભાવ ન ગમે... પણ બાળપણનો આપણો ખરાબ સ્વભાવ એમણે સહન કર્યો. તોફાન કરતા, ઘરમાં તોડફોડ કરી હશે, ભણતા નહીં હોઈએ, બધું ઘણી જાતનું એમણે સહન કર્યું છે. તો એમની મોટી ઉંમરમાં આપણે મન મોટું રાખીને સહન કરી લેવું. આપણે એમને ભૂલી જઈએ તે ન ચાલે. અને વૃદ્ધાશ્રમમાં તો જવા જ ન જોઈએ. જે સેવા થાય તે કરી લેવી. આપણે '**માતૃદેવો ભવ પિતૃદેવો ભવ**' કહીએ છીએ. ઘણા કહે છે કે એ તો એમની ફરજ હતી એટલે આપણને મોટા કર્યા. તો ભલા માણસ, એ ઘરડા થયા તો હવે તમારી કોઈ ફરજ નથી?'

હા, આપણે મા-બાપની સેવા કરવાની છે, તેમને ખુશ રાખવાનાં છે. ચાલો, આપણાં માતા-પિતાના ઉપકારો સમજીને, તેમની ઉદાસીનતા દૂર કરીને, આપણો પરિવાર 'આદર્શ પરિવાર' બનાવીએ.

sanskar@sandesh.com

સોનું શોધવું છે ?

POINTING OUT THE GOOD IN OTHERS *helps us find the good in ourselves*

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક લેખકે પોતાનો સ્વાનુભવ ટાંકતાં કહ્યું છે કે, 'મારે સાંભળવામાં આવ્યું કે જે વ્યક્તિ પ્રત્યે તમને ઘૃણા હોય તેના ગુણોનો વિચાર કરવાથી સકારાત્મક પરિણામો આવે છે. મને મારા પિતા પ્રત્યે અત્યંત ઘૃણા હતી. આથી મેં આ પ્રયોગ એમના ઉપર જ કરવાનો વિચાર કર્યો. અમારા બે વચ્ચે મોટો ઝઘડો તો ન થતો, પરંતુ સામાન્ય વાતચીત પણ માંડમાંડ થઈ શકે એટલી હદે પરિસ્થિતિ વણસી હતી. દુર્ભાગ્યવશ મને એમની ભૂલ સિવાય બીજું કાંઈ નજરમાં આવતું જ ન હતું. આ દુર્ભાગ્યમાંથી મારે મુક્ત થવું હતું. મેં ત્રણ અઠવાડિયાંનો ચાર્ટ બનાવ્યો. પિતાની ભૂલો ન જોવાનું નક્કી કર્યું અને ઊલટું એમની પ્રશંસનીય ટેવો જોવા માટે સંકલ્પ કર્યો.

પહેલા દિવસે તો એમની સારી ટેવ જોવાનું મારા માટે ખૂબ જ કઠણ સાબિત થયું. છતાં બીજા દિવસે મેં હિંમત રાખી એમનાં વખાણ કર્યાં. પોતાનાં વખાણ સાંભળીને તેઓએ મારા તરફ હળવું સ્મિત કર્યું, જેની મને સખત ચીડ હતી. મને લાગ્યું કે હું આ કાર્યક્રમમાં સફળ નહીં થઈ શકું છતાં પ્રયત્ન ચાલુ રાખ્યો.

ત્રણ અઠવાડિયાં સુધી મારો પુરુષાર્થ ચાલુ રાખ્યો અને ખરેખર! મને પોતાને વિશ્વાસ ન આવે એવી સિદ્ધિ મેં મેળવી લીધી હતી. એમની પ્રશંસા કરવાનું, એમના ગુણ જોવાનું મારા માટે સાવ સહજ થઈ ગયું. ધીરેધીરે, સદ્ગુણો તરફ નજર રાખતા જવાથી મારી એમના પ્રત્યેની ઘૃણા આજે ગાયબ છે. ત્રણ અઠવાડિયાંના પ્રયોગ પછી છેલ્લા દિવસે એમણે મને કહ્યું: 'તારામાં ખૂબ પરિવર્તન આવ્યું છે!' ત્યારે મેં કહ્યું: 'મને તમારામાં ખૂબ પરિવર્તન દેખાય છે.'

> **સામાન્ય રીતે આપણે સામેવાળી વ્યક્તિની ક્ષતિઓ જોવા માટે ટેવાયેલા છીએ. આપણને એના સ્વભાવો પરેશાન કરે છે પણ મહાપુરુષો આ સંબંધી અદ્ભુત દૃષ્ટિકોણ આપે છે**

સામાન્ય રીતે આપણે સામેવાળી વ્યક્તિની ક્ષતિઓ જોવા માટે ટેવાયેલા છીએ. આપણને એના સ્વભાવો પરેશાન કરે છે પણ મહાપુરુષો આ સંબંધી અદ્ભુત દૃષ્ટિકોણ આપે છે.

તા. ૮-૪-૧૯૮૪ના રોજ બેલ્જિયમસ્થિત પ્રમુખસ્વામી મહારાજને એક ભક્તે પ્રશ્ન પૂછ્યો, 'અમને સ્વભાવનું ઘર્ષણ થતાં સામેની વ્યક્તિમાં એ જ દેખાય. આપ તો દરેકનો સ્વભાવ જાણો છો છતાં કઈ દૃષ્ટિ રાખો છો?' સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો કે, 'ભગવાન ને સંત કોઈના ગુના સામે જોતા જ નથી. જાણવા છતાં નહીં જોવાનું, દેખવા છતાં આંધળા થવાનું, સાંભળવા છતાં બહેરા થવાનું. સામેની વ્યક્તિમાં ૯૯ અવગુણ હોય, પણ એક ગુણ તો હોયને?'

'સામેની વ્યક્તિમાં ૯૯ અવગુણ હોય, પણ એક ગુણ તો હોયને?' બે લીટીના આ ઉત્તરમાં તેઓએ ખૂબ જ સુંદર રાહ ચીંધી દીધો. આપણે પણ અભ્યાસ કરીશું તો ખ્યાલ આવશે કે ખરેખર સામેવાળી વ્યક્તિ આપણે જેટલી માનીએ છીએ એટલી બધી બેકાર નથી હોતી. એમાં પણ સદ્ગુણોનો રાશિ કોઈક ખૂણામાં તો પડેલો હોય જ છે, આપણે બસ કેવળ એ શોધી કાઢવાનો હોય છે.

એક વખત અમેરિકાની સૌથી મોટી સ્ટીલ કંપનીના માલિક ઍન્ડ્રુ કાર્નેગીને કોઈએ પૂછ્યું કે, 'આપ લોકો સાથે કેવી રીતે વર્તો છો?' કાર્નેગીએ જવાબ વાળ્યો કે, 'લોકો સાથે વર્તવું, એ સોનાની ખોદાઈ બરાબર છે. એક તોલો સોનું શોધવા લાખો ટન માટી હટાવવી પડે, પરંતુ તમે જ્યારે ખોદવા જાવ છો ત્યારે માટીની શોધમાં નહીં, પણ સોનાની શોધ માટે જાવ છો. હજારો અવગુણ હોય, પણ તેમાં ઉપયોગી ગુણ જોઈ કામ સાધી લઉં છું.'

આપણને ખૂંચતી અથવા જેની સાથે વ્યવહાર કરવાનો છે તે વ્યક્તિને બદલવા કરતાં આપણે આપણો દૃષ્ટિકોણ બદલી નાંખીએ, એ ડહાપણભર્યું પગલું કહેવાય. સામેવાળી વ્યક્તિમાં ભલે ગમે એટલી ખામીઓ હશે, પણ શોધીશું તો કોઈક ખૂબીઓ તો જડી જ આવશે.

આપણે જ્યારે આપણી જાતની તપાસ કરીશું તો આપણને જણાશે કે આપણને હંમેશાં બધેથી સારી વસ્તુ જ મેળવવાની ઇચ્છા રહે છે. શાકભાજી લેવા જઈએ કે મકાન ખરીદવા જઈએ, ગાડી લાવવી હોય કે નોકરી મેળવવી હોય. આપણને નરસું પોસાતું જ નથી. તો પછી કેમ આપણે સામેવાળી વ્યક્તિમાંથી પણ સારું ગ્રહણ કરવાની આદત ન પાડીએ?

sanskar@sandesh.com

સૂતા સમયે શાંતિ હોય

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

વિદ્યાનગરમાં રહેતા ગણિતના રેંગલર ડૉ. એન. એમ. શાહને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, મેથેમેટિક્સની અંદર તમે આટલી ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરી એનું રહસ્ય શું છે? સાહેબે બહુ સચોટ જવાબ આપ્યો, '18 hours a day for 20 years, no Sunday, no holiday, no vacation.' 'રોજના ૧૮ કલાકની મહેનત, સતત ૨૦ વર્ષ સુધી, રવિવાર નહીં, રજા નહીં, વેકેશન નહીં.' વિશ્વપ્રસિદ્ધ મ્યુઝિક કમ્પોઝર બીથોવનને પૂછ્યું કે તમારી આ સિદ્ધિનું રહસ્ય શું છે? બીથોવન બોલ્યા, '8 hours a day for 40 years'. 'રોજના ૮ કલાક ૪૦ વર્ષ સુધી.' કોઈ સિદ્ધિ રાતોરાત પ્રાપ્ત થતી નથી.

માલ્કમ ગ્લેડવેલ લિખિત વિશ્વપ્રસિદ્ધ પુસ્તક 'આઉટલાયર્સ'માં વિશ્વમાં જે મહાપુરુષોએ ઉચ્ચ કક્ષાની સફળતા પ્રાપ્ત કરી છે, એમની સફળતાનાં રહસ્યોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરેલો છે. વિશ્વનાં જુદાંજુદાં ક્ષેત્રના પ્રતિષ્ઠિત મહાનુભાવોનો સરવે કર્યા બાદ જે તારણ આવ્યું, તેના માટે એક શબ્દ કોઈન થયો 'Ten thousand hours rule'. કોઈ પણ ક્ષેત્રમાં સફળતાના શિખરે પહોંચવું હોય તો ૧૦ હજાર કલાક સુધી પ્રેક્ટિસ કરવી પડે. આ પુસ્તકમાં કહેવામાં આવ્યું છે કે કમ્પોઝર્સ, બાસ્કેટબોલ પ્લેયર્સ, આઈસ સ્કેટર્સ, કોન્સેન્ટ પિયાનિસ્ટ, ચેસ પ્લેયર્સ કે પછી માસ્ટર ક્રિમિનલ્સ જે કોઈ નિષ્ણાત થયા છે તેમણે પોતાના ક્ષેત્રમાં દસ હજાર કલાકથી વધારે મહેનત કરી હતી.

હવે આપણે આપણો વિચાર કરીએ કે આજથી ૧૦ વર્ષ પછી કે ૨૦ વર્ષ પછી કે ૪૦ વર્ષ પછી આપણે ક્યાં પહોંચવું છે એ અંગેનું કોઈ ચિત્ર આપણે આપણા મનમાં તૈયાર કર્યું છે? જો આજે કરીશું તો આટલાં વર્ષો પછી એનું પરિણામ દેખાશે.

પણ યાદ રહે, Success in Life અને Successful Life બે તદ્દન જુદી વસ્તુઓ છે. દુનિયા એવા દાખલાઓથી ઉભરાય છે કે જે લોકોએ વ્યક્તિગત કારકિર્દીમાં જ્વલંત સફળતાઓ મેળવી હોય, પણ જીવનની કસોટીમાં લાલ શાહીથી લખાયેલું 'નાપાસ'નું બિરુદ તેમના વ્યક્તિત્વને સમાજમાં નગણ્ય કરી દેતું હોય. માટે સમગ્ર જીવનને લક્ષ્યમાં રાખીએ ત્યારે પણ 'અંતનો વિચાર કરીને આરંભ કરીએ' આ સૂત્ર ખૂબ ઉપયોગી બનશે.

> **Success in Life અને Successful Life બે તદ્દન જુદી વસ્તુઓ છે. દુનિયા એવા દાખલાઓથી ઉભરાય છે કે જે લોકોએ વ્યક્તિગત કારકિર્દીમાં જ્વલંત સફળતાઓ મેળવી હોય, પણ જીવનની કસોટીમાં નાપાસ થયા હોય...**

પ્રમુખસ્વામી મહારાજ પોતાની સાદી, સીધી પણ નક્કર અનુભવયુક્ત શૈલીથી બોધ આપતાં સમજાવતા કે દિવસે એવું કામ કરવું કે રાત્રે સૂવા જઈએ ત્યારે આપણને શાંતિ હોય, આખું વર્ષ એવું કામ કરવું કે વર્ષના અંતે આપણને આનંદ હોય. સમગ્ર જીવન એવું કામ કરવું કે જીવનના અંતે આપણને સંતોષ હોય. આ શબ્દોમાં કોઈ અલંકૃતિ કે સાહિત્યની જમાવટ નથી. પણ જો તેના મર્મને પામી શકીએ તો આ એક જ વાત સફળ જીવન બનાવવા પર્યાપ્ત છે.

પ્રમુખસ્વામી મહારાજને દિલ્હી અક્ષરધામના ઉદ્ઘાટન બાદ વિખ્યાત હાર્ટ સર્જન ડૉ. સુબ્રમણ્યમે પૂછ્યું કે 'What is your next project?' ત્યારે સ્વામીશ્રીએ જવાબ આપ્યો કે સાહેબ, 'ભગવાન ભજવા, ભગવાન ભજાવવા અને એના દ્વારા વિશ્વમાં શાંતિનું પ્રવર્તન કરવું એ અમારો કાયમી પ્રોજેક્ટ છે. આ બધાં કામ એની સાથે સાથે થતાં જાય છે.' આ અંતિમ લક્ષ્યની સ્પષ્ટતા હતી તો જ્યારે ૨૦૦૨ની સાલમાં ગાંધીનગર અક્ષરધામ પર આતંકવાદી હુમલો થયો ત્યારે તેઓ સ્થિરતા રાખી શક્યા. જ્વાળામુખી ફાટવાની તૈયારીમાં હોય એ સંજોગો હતા. એમના એક નિર્ણય ઉપર લાખોની જિંદગીનો સવાલ હતો. એવા સમયે લેશ પણ આક્રોશમાં આવ્યા વિના એમને બહુ જ સ્પષ્ટ નિર્ણય આપ્યો કે આ ઘટના બની છે એનો પ્રતિકાર કોઈ હિંસાત્મક રીતે થવો જોઈએ નહીં. સૌ શાંતિ જાળવો, સૌ પ્રાર્થના કરો. સૌ એકબીજાનું ભલું ઇચ્છો. એમના આ સંદેશે સમગ્ર ગુજરાતને અને દેશને હિંસાની આગમાંથી ઉગારી લીધું. આ નિર્ણય તેઓ કેમ આપી શક્યા? કારણ કે એમના મનમાં અંતિમ લક્ષ્ય સ્પષ્ટ હતું - શાંતિનું પ્રવર્તન. માટે લાંબા ગાળાના લક્ષ્યાંકો નક્કી કરવાની સાથે જરૂરી છે કે જીવનનાં અંતિમ લક્ષ્યો પણ સ્પષ્ટ કરી લઈએ.

પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવે તેમના જીવનમાંથી પ્રેરણા લઈએ ને આપણે પણ જીવનના અંતે અંતરમાં સંતોષ, શાંતિ અને સાચા સુખની અનુભૂતિ થાય તે અનુસાર નવા જીવનનો શુભારંભ કરીએ.

sanskar@sandesh.com

જીવન પોતાનું મહોરું બીજાનું

એક શિક્ષકે વિદ્યાર્થીઓને વર્ગ દરમિયાન એક પ્રશ્ન પૂછ્યો. 'બાળકો! તમે મોટાં થઈને કોના જેવા બનવા માંગો છો?' વિદ્યાર્થીઓના જવાબમાં સેલિબ્રિટીઓની હારમાળા રજૂ થવા લાગી. પોતાના રોલમૉડેલની જાહેરાત કરતાં તેઓનાં નાજુક નમણા મુખારવિંદ પર અલગ ચમક જણાતી હતી. તે વખતે એક બાળકને શાંત બેઠેલો જોઈ શિક્ષકે કુતૂહલવશ તેને પૂછ્યું, 'હેન્રી! તારે મોટા થઈને કોના જેવા બનવું છે.' આ નાનકડા બાળકના ઉત્તરમાં છુપાયેલા ગૂઢાર્થથી શિક્ષક અવાક્ થઈ ગયા. તે બાળકે કહ્યું, 'Sir! I want to become me. I want to become Henry David Thoreau'. 'સાહેબ! મારે જીવનમાં હેન્રી ડેવિડ થોરો જ બનવું છે.' અને તે બાળક વિશ્વનો મહાન લેખક, ચિંતક, કવિ અને ફિલોસોફર 'હેન્રી ડેવિડ થોરો' બન્યા!

પોતાના અસ્તિત્વ પર સેલિબ્રિટીઓનાં મહોરાં ચઢાવવામાં વ્યક્તિ પોતાની સ્વતંત્ર ઓળખ ગુમાવી બેસે છે. અહીં મહાન પુરુષોના સદ્ગુણમય જીવનમાંથી પ્રેરણા લેવાની વાતને નકારતા નથી. પણ માત્ર કોઈની પદ-પ્રતિષ્ઠા કે માન-મરતબો જોઈ, તેના વ્યક્તિત્વને પોતાના અસ્તિત્વ પર હાવી ન થવા દેવાની વાત છે. આ દુનિયામાં ભગવાને દરેક વ્યક્તિને અજોડ બનાવી છે. દુનિયાની સાત અબજથી વધુ વસતીમાં કોઈ બે વ્યક્તિના ફિંગરપ્રિન્ટ્સ સમાન નથી, આંખોની આઈસીસ સમાન નથી, કે અવાજની Pitch અને Timbre સરખા નથી. વળી વ્યક્તિ-વ્યક્તિની પ્રકૃતિ, સ્વભાવો, બુદ્ધિક્ષમતા, કળા, આવડત, રસ, મૌલિકતા, યાદશક્તિ વગેરેનું વૈવિધ્ય તો ખરું જ. આ પૃથ્વી પર પ્રત્યેક વ્યક્તિને ભગવાને એક unique identity (અજોડ ઓળખ) આપી છે. પછી શા માટે આપણે ભગવાનની આ અજોડ બક્ષિસને અવગણીને બીજાની જિંદગી જીવવા માંગીએ છીએ. We should have been proud of being what we originally are. આપણે વાસ્તવિકતામાં જે છીએ તે હોવા ઉપર આપણને ગર્વ હોવો જોઈએ.

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

૨૦૦૬ની સાલમાં ૨૧મી સદીના મહાન ટેક્નોક્રેટ સ્ટીવ જોબ્સે એક વાર કહેલું, 'તમારો સમય મર્યાદિત છે, માટે બીજાની જિંદગી જીવવામાં તેને વેડફશો નહીં.' બીજાની નકલ કરવામાં દંભ છે અને એવા દંભભરેલા જીવનમાં પોકળતા છે.

> **જેમને સત્ય અને અસત્ય એવાં બે મહોરાં નથી, એમને ખાનગી કે જાહેર જીવનની ચિંતા નથી. તે નિર્ભય અને નિઃશંક થઈને જિંદગીનો ઉલ્લાસ માણી શકે છે અને કોઈનો મહોરું પહેરવાનો પ્રયત્ન કરનારની દશા કરુણ થઈ જાય છે**

પોતાના ગુરુ યોગીજી મહારાજના દેહત્યાગ પછી સંસ્થાના ગુરુપદે અને પ્રમુખપદે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ આવ્યા તે અરસાની વાત છે. પ્રમુખસ્વામી મહારાજની સહજ ગંભીર પ્રકૃતિ, શાંત અને સ્થિર. એક વ્યક્તિએ તેઓને સૂચન કરતાં કહ્યું. 'તમે યોગીજી મહારાજના સ્થાને આવ્યા છો તો તમારે હવે યોગીજી મહારાજની જેમ ક્રિયા કરવી પડશે. તેમના જેવી નકલ કરવી પડશે. તે સમયે સ્વામીજીના નિર્દંભ વ્યક્તિત્વમાંથી નીકળેલો પ્રત્યુત્તર આપણા સૌ માટે પ્રેરણાદાયક છે. 'એ તો યોગીજી મહારાજની રીત હતી. મારી તેવી રીત નથી એટલે હું શું યોગીબાપાની નકલ કરું? હું જેવો છું તેવો છું. મને કોઈની નકલ કરતા નથી આવડતું, મારામાં જે ન હોય તે ઉપજાવીને કરવાનું મને ન ફાવે.'

અમેરિકાનાં તમામ વર્તમાનપત્રોની રવિ આવૃત્તિ એસોસિયેશનના અધ્યક્ષ અને 'ફિલાડેલ્ફિયા ઈન્ક્વાયરર' નાં તંત્રી શ્રી રોનાલ્ડ પટેલે ૧૮ સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ એડિસનમાં ચિક્કાર સભાને સંબોધતા કહ્યું હતું. 'એક જર્નાલિસ્ટ તરીકે મેં પ્રમુખસ્વામી મહારાજને કેટલાય અટપટા પ્રશ્નો પૂછ્યા. પરંતુ બધી જ વખતે બધા જ પ્રશ્નોના ઉત્તરમાં જે વસ્તુ બહાર ઊઠી આવી છે, તે છે પ્રમુખસ્વામીના આત્માની પવિત્રતા, નિર્મળતા. તમે એમને ગમે ત્યારે પ્રશ્ન પૂછો, ગમે તે પ્રશ્ન પૂછો, ઉત્તર એકદમ પવિત્ર! ઉત્તરોમાં પ્રસિદ્ધિનો આશય નહીં' વર્તનમાં કે વાણીમાંય આડંબરનો અંશ નહીં. બનાવટનું મહોરું નહીં. એટલે જ એમના જીવનનું સત્ય સૌને પ્રભાવિત કરે છે.

જેમને સત્ય અને અસત્ય એવાં બે મહોરાં નથી, એમને ખાનગી કે જાહેર જીવનની ચિંતા નથી. તે નિર્ભય અને નિઃશંક થઈને જિંદગીનો ઉલ્લાસ માણી શકે છે અને કોઈનો મહોરું પહેરવાનો પ્રયત્ન કરનારની દશા કરુણ થઈ જાય છે. માટે ભગવાને આપણને જે અજોડ ઓળખ આપી છે તેને શોધીએ, જાણીએ અને તે અનુસાર આગળ વધીએ તેમાં શાણપણ રહેલું છે.

sanskar@sandesh.com

સહન કરે તે શાંતિ પામે

સહનશીલતા એ સજ્જનતણો શણગાર છે, સંઘર્ષમુક્ત જીવનની ચાવી છે અને સંસારની અનેક ઉપાધિ માટે અસરકારક ઔષધ છે. જો સહનશક્તિનો સદગુણ કેળવી લેશો તો ગમે તેવાં અપમાનો વચ્ચે તમે ક્યારેય ઈશ્વરને ફરિયાદ નહીં કરો

શરીરમાં રોગપ્રતિકારક શક્તિ ન હોય તો રોગનું આક્રમણ થાય છે તેમ જીવનમાં સહનશક્તિ ન હોય તો આફતનું આક્રમણ થાય છે.

ખાવા-પીવામાંવહેલું-મોડું થાય અથવા રેડ સિગ્નલ કે બંધ ફાટક આગળ ઊભા રહેવુંપડે, નાના કે મોટા કોઈ શબ્દ સંભળાવી જાય કે કોઈ મજાક-મશ્કરી કરી જાય, અપેક્ષા મુજબ વસ્તુ કે વાતાવરણ ન મળે કે આપણને ગમે તેવું કોઈ વર્તન ન કરે. અને જો આવા સંજોગોમાં સહનશીલતા ન હોય તો ઉદ્દભવે છે વાતેવાતે વિવાદો અને સહેજસહેજમાં સંઘર્ષો.

અમદાવાદમાં પુત્રને સાઈકલ લેવાની ના પાડી તો કેરોસીન છાંટી લીધું. વડોદરામાં પુત્રીને મોબાઈલ આપવાની ના પાડી તો ગળેફાંસો ખાઈ લીધો. રાજકોટમાં બટરવાળાં પાઉં ન લાવી દીધાં તો પત્નીએ ઝેરની ટીકડીઓ ખાઈ લીધી. પ્રત્યેક પરિવારમાં પતિ-પત્ની, સાસુ-વહુ કે માબાપ-સંતાનો વચ્ચે સર્જાતાં વિખવાદોનાં મૂળમાં સાધન-સામગ્રીનો નહીં પણ સહનશીલતાનો અભાવ જ નડે છે.

બોકિસંગની રમતના જાણકારો કહે છે કે તમે બીજાને કેટલા મુક્કા મારી શકો છો તે કરતાં તમે બીજાના કેટલા મુક્કા સહન કરીને પણ ઝઝૂમી શકો છો તે વધારે અગત્યનું છે. જીવનમાંય કાંઈક આવું જ છે. યુદ્ધમાં બીજા પર વાર કરવા માટે ખાલી તલવાર લઈને જ જવાનું હોતું નથી પણ સામેવાળાના વાર સહન કરી શકે તેવી ઢાલ પણ સાથે રાખવાની હોય છે.

હું શું કામ સહન કરું? દર વખતે મારે જ સહન કરવાનું? અમનેય બોલતાં આવડે છે. ઈંટનો જવાબ પથ્થરથી જ અપાય. પોચા રહીએ તો બધા દબાવે માટે ફૂંફાડો તો મારવો જ પડે. આ છે નવી પેઢીની માનસિકતા. બુદ્ધિ, ધન, રૂપ, કુળ, સત્તા, શક્તિ અને આવડતના માનને લીધે શારીરિક કે શાબ્દિક, પારિવારિક કે આર્થિક સમસ્યાના થોડાક ઘા પણ સહન કરવાની લેશ પણ તૈયારી હોતી નથી. પણ મિત્રો! અવતારો અને મહાપુરુષોએ અપાર સામર્થ્ય હોવા છતાં કેટકેટલું અને કેટકેટલાનું સહન કર્યું છે તે શું તમે નથી જાણતાં?

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

જન્મથી માતા-પિતાનો વિયોગ અને બાળવયે રાક્ષસોનો ત્રાસ, ગ્રામજનોની નાહક ફરિયાદો અનેપરિવારજનોના આક્ષેપો, વહાલી ગોપીઓનો વિરહ અને કૌરવોના અવિરત કૂડ-કપટ બધું જ શ્રીકૃષ્ણ પ્રભુએ હસતાં મુખે સહન જ કર્યું હતુંને! બદલો લેવા માટે સક્ષમ હોવા છતાં અનેકનું સહન કરનાર શ્રીકૃષ્ણ પણઅર્જુનને ગીતામાં કહે છેઃ તાન્

तितिक्षस्वभारत। હેઅર્જુન! સુખ-દુઃખનેતું સહન કર, કેમ કે કેટલીક સમસ્યાઓમાં સહન કરવા સિવાય કોઈ જ વિકલ્પ હોતો નથી.

૯૨ વર્ષની વૃદ્ધ વયે સારંગપુરમાં બિરાજમાન પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને સંતોએ પૂછ્યુંઃ આપને શરીર દુખે છે? આ સાંભળી તેઓ કહેઃ શરીર હોય એટલે થોડો-ઘણો દુખાવો તો હોય જ. સંતોએ કહ્યુંઃ દુખાવો હોય તો પછી અમને જણાવવુ જોઈએને! હળવાશથી ઉત્તર આપતાં સ્વામીજી બોલ્યાઃ બીજાને જણાવવાથી દુઃખ ઓછું થાય? ઉપરથી આપણું દુઃખ જાણીને બીજા પણ દુઃખી થાય તે કરતાં એકલા જ સહન કરવું શું ખોટું! લાગણીસભરભાવથી સંતો કહેઃ પણ આપ ક્યારેય દુઃખની એક ફરિયાદ પણ કેમ કરતાંનથી? આ પ્રશ્નનો ઉત્તર આપતાં સ્વામીજીએ કહ્યુંઃ દુઃખ આવ્યું જ છે તો તેને હસતાંહસતાં સહન કરવું કે રડતાંરડતાં. પસંદગી તમારા હાથમાંછે! પ્રતિદિન દુઃખોના દસ્તાવેજ અને ફરિયાદોની ફાઈલો લઈને જીવતી માનવજાત માટે કેટલો સુંદર અનુભવસિદ્ધ સંદેશ છે.

સહનશીલતા એ સજ્જનતણો શણગાર છે, સંઘર્ષમુક્ત જીવનની ચાવી છે અને સંસારની અનેક ઉપાધિ માટે અસરકારક ઔષધ છે. જો સહનશક્તિનો સદગુણ કેળવી લેશો તો ગમે તેવાં અપમાનો કે અગવડો વચ્ચે તમે ક્યારેય ઈશ્વરને ફરિયાદ નહીં કરોઃ હે પ્રભુ! Why me? પણ ખુમારી અને કેફથી કહેશોઃ હે પ્રભુ! Try me.

sanskar@sandesh.com

રેતીમાં વહાણ

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક સરવે મુજબ દુનિયાના સાડા સાત અબજ લોકોમાંથી છ અબજથી વધારે લોકો ભગવાનમાં માને છે. એક એવા તત્ત્વમાં વિશ્વાસ ધરાવે છે જેને મોટા ભાગના લોકોએ ક્યારેય જોયું નથી. કેમ આવું? કોઈ સાબિતી વગર આટલા બધા લોકો એક અદૃશ્ય શક્તિનો સ્વીકાર કેમ કરે છે? કારણ કે શ્રદ્ધા છે, વિશ્વાસ છે. જ્યાં તર્કની સીમા પૂર્ણ થાય છે ત્યાંથી શ્રદ્ધાની શરૂઆત થાય છે.

વિશ્વના વિજ્ઞાન-ઈતિહાસમાં જેઓનાં નામ સુવર્ણ અક્ષરે લખાયેલાં છે, એવા મોટા-મોટા વૈજ્ઞાનિકોએ પણ તર્કને બાજુ પર મૂકી પરમાત્માને સ્વીકાર્યા છે.

'ફાધર ઓફ સાયન્સ' ગણાતા આઈઝેક ન્યૂટન કહે છે, 'કેવળ હાથના અંગૂઠાની રચના જ મને ભગવાનના અસ્તિત્વની ખાતરી કરાવે છે.'

વીસમી સદીના સૌથી બુદ્ધિશાળી વ્યક્તિ આઈન્સ્ટાઈન કહે છે, 'કોઈ પણ વ્યક્તિ વિજ્ઞાન સાથે ભળે છે, તેને આ બ્રહ્માંડના નિયમોમાં એક ચેતનાની પ્રતીતિ થાય છે. જે ચેતના માણસથી ઘણી પર છે. જેની સામે આપણે ન્યૂનતા અનુભવીએ છીએ. ભગવાનમાં ન માનવું તે માણસનું રાક્ષસીપણું છે.'

મિસાઈલમેન ડૉ.અબ્દુલ કલામ કહે છે, 'જ્યારે તમારા જીવનમાં વરસાદની જેમ નોનસ્ટોપ મુશ્કેલીઓ આવે ત્યારે હંમેશાં યાદ રાખો કે ભગવાન સદાય તમારા છત્ર બનીને રહેશે.'

આ વૈજ્ઞાનિકો અપાર બુદ્ધિશક્તિના સ્વામી હોવા છતાં આ વિષયમાં સ્વયંની બુદ્ધિ બંધ કરી વિશ્વાસની ગાડી પકડી છે. જ્યારે દુનિયાના શ્રેષ્ઠ બુદ્ધિશાળીઓનો મત હોય કે આ બાબતમાં બુદ્ધિ વાપરવાથી કાંઈ નહીં મળે, ત્યારે દુનિયાના અન્ય બુદ્ધિશાળીઓને આ વાત પર વિચાર કરવો રહ્યો, કારણ કે માણસમાત્ર કેવળ બુદ્ધિથી નથી જીવતો, શ્રદ્ધા અને વિશ્વાસથી જીવે છે. કોઈ પણ વ્યક્તિ ગાડી ચલાવે ત્યારે તેને વિશ્વાસ છે કે અકસ્માત નહીં થાય. જમવા બેસે ત્યારે વિશ્વાસ છે કે ભોજનમાં ઝેર નહીં હોય. ઘરની બહાર નીકળે ત્યારે ૩૦ રૂપિયાના તાળામાં પણ વિશ્વાસ રાખે છે કે આ આપણું ઘર સાચવશે. રોજ હજારો લોકો મૃત્યુ પામે છે, છતાં વ્યક્તિ રાત્રે સૂએ ત્યારે બીજા દિવસનું પ્લાનિંગ કરીને સૂએ છે, વિશ્વાસ છે કે 'આવતીકાલે ઉઠાશે જ'.

ખરેખર, કોઈએ સાચું જ કહ્યું છે કે વિશ્વાશે તો રેતીમાં પણ વહાણ ચાલે. સ્વામી વિવેકાનંદ પણ કહે છે, 'the greatest source of strength of any society is it's faith in GOD.'

ખરેખર, વિશ્વાસ જીવનનો પ્રાણ છે. જો માણસ વિશ્વાસ ન રાખે અને બધી બાબતોમાં પુરાવા માંગે, તો જીવવું અશક્ય થઈ પડે. જેમ વ્યક્તિ નાની-નાની બાબતોમાં વિશ્વાસ રાખી જીવન જીવે છે, તેમ ભગવાનના ભક્તો પણ ભગવાનમાં વિશ્વાસ રાખીને જીવે છે. કોઈ પણ પરિસ્થિતિ હોય પરંતુ ભગવદ્ભક્તોનો ભગવાન પરનો વિશ્વાસ ક્યારેય ડગતો નથી. નરસિંહ મહેતા, મીરાબાઈ વગેરેનાં જીવન વિઘ્નોથી પૂર્ણ હતાં, છતાં તેઓ આનંદિત રહી શક્યાં, કારણ કે વિશ્વાસ હતો.

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં અનેક વિઘ્નો આવ્યાં પણ પરમાત્મામાં તેઓને વિશ્વાસ ક્યારેય ડગ્યો નહીં. ૨૩ એપ્રિલ, ૧૯૮૫માં ખાલિસ્તાનવાદીઓએ એર-ઈન્ડિયાનું કનિષ્ક પ્લેન નષ્ટ કરીને બીજાં પ્લેન પણ તોડવાની ધમકી આપી હતી. આ ઘટનાના માત્ર વીસેક દિવસ બાદ પ્રમુખસ્વામી મહારાજ એર-ઈન્ડિયાના પ્લેન દ્વારા લંડન પધારવાના હતા. પ્લેન તોડવાની ધમકી હોવાથી યુ.કે. સત્સંગમંડળના હરિભક્તોએ ફોન કરી પ્રમુખસ્વામી મહારાજને એરલાઈન્સ બદલવા વિનંતી કરી, પરંતુ પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'તમને આતંકવાદીઓનાં વચન પર વિશ્વાસ આવે છે. પણ ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે, 'હું મારા ભક્તોની રક્ષામાં છું.' તેમના પર વિશ્વાસ નથી?' તેઓ પોતાના નિર્ણયમાં અફર રહ્યા અને એર-ઈન્ડિયામાં જ લંડન પધાર્યા.

ખરેખર, કોઈએ સાચું જ કહ્યું છે કે વિશ્વાશે તો રેતીમાં પણ વહાણ ચાલે. સ્વામી વિવેકાનંદ પણ કહે છે, 'the greatest source of strength of any society is it's faith in GOD.' તો ચાલો, મહાન સંતોના પગલે પગલે આપણે પણ પરમ તત્ત્વમાં વિશ્વાસ રાખી, જીવનને સુગંધિત અને નવપલ્લવિત બનાવીએ.

sanskar@sandesh.com

ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ...

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

અમેરિકાના નામાંકિત ન્યૂરોસર્જન ડૉ. બેન કાર્સનની વાત છે. તેઓ નાના હતા ત્યારે ખૂબ તોફાની અને ઝનૂની સ્વભાવના હતા. એક વાર પોતાના મિત્ર સાથે ઝઘડો થતાં તેઓએ પોતાના મિત્રને જ ચપ્પુ મારી દીધું. સદભાગ્યે મિત્ર તો બચી ગયો પણ આ વાતની જાણ થતાં કાર્સનની માતાને આંચકો લાગ્યો. તેઓએ પોતાના દીકરાને સુધારવાનો વિચાર કર્યો. પતિ પાસેથી છૂટાછેડા પામેલા તેઓ ૧૬ કલાક નોકરી કરીને ઘરનું ગુજરાન ચલાવતાં. આવી પરિસ્થિતિમાં શું કરવું? પણ તેઓએ એક રસ્તો શોધી કાઢ્યો. તેઓએ બાઈબલ અને સારાં પુસ્તકો ઘરમાં વસાવ્યાં. તેઓએ કાર્સનને કહ્યું કે, 'તારે દરેક પુસ્તક વાંચીને એમાંથી મને બધા જ પ્રસંગો કહેવાના, મેં આ બધાં જ પુસ્તકો વાંચેલાં છે.' (જોકે, માતાએ કોઈ પુસ્તકો વાંચ્યાં નહોતાં તેની જાણ કાર્સનને પછીથી થઈ હતી) કાર્સન દરરોજ સારાં પુસ્તકો વાંચે અને તેનો સાર માતાને કહે. સારા વાંચનથી તેઓમાં ધીમે ધીમે પરિવર્તન આવવા લાગ્યું અને ભણવામાં પણ રસ કેળવવા લાગ્યો. આ વાંચનને લીધે તેઓને ડૉક્ટર થવાનો સંકલ્પ જાગ્યો અને સમય જતા તેઓ અમેરિકાના શ્રેષ્ઠ ન્યૂરોસર્જન થયા.

અત્યારે મોટાભાગના વાલીઓનો વલોપાત વાણી દ્વારા વહે છે કે, 'આજકાલ છોકરાંઓ બગડી ગયાં છે.' 'કોઈનું સાંભળતા નથી, શું આ ફરિયાદ સાચી છે?

આગળ વધતા પહેલાં અન્ય એક પ્રસંગ પણ જાણી લઈએ. ઘણાં વર્ષો પહેલાં ચંબલના ખૂંખાર ડાકુ સોહનસિંહ સરકારને શરણે આવ્યો હતો. જ્યારે ૭૭ વર્ષની ઉંમરે તેણે શરણાગતિ સ્વીકારી ત્યારે તેના માથે ૧૦૮ ખૂનનો આરોપ હતો. તેની માતાને જ્યારે પૂછવામાં આવ્યું કે, 'સોહનસિંહ, આવો કેમ થયો?' ત્યારે તેની માતાએ કહ્યું, 'તે જ્યારે નાનો હતો અને ઘૂંટણિયે ચાલતા શીખ્યો ત્યારથી કીડી-મંકોડા મારતો હતો, પણ મેં તેને ન વાર્યો. તે જ્યારે ૮ વર્ષનો થયો ત્યારે કુરકુરિયાં મારી નાંખતો તો પણ મેં ન વાર્યો. તે જ્યારે ૧૨ વર્ષની ઉંમરે પહોંચ્યો ત્યારે તેણે પ્રથમ ખૂન કર્યું, છતાં મેં તેને વાર્યો નહોતો. પરિણામસ્વરૂપે અત્યારે ૭૭ વર્ષની ઉંમરે તેણે ૧૦૮ ખૂન કરી નાંખ્યાં.'

ઉપરોક્ત બંને પ્રસંગોમાં એક મહત્ત્વપૂર્ણ બાબત સરખી છે અને એક અતિ અગત્યની બાબતમાં તફાવત છે. સમાન બાબત એ છે કે, સોહનસિંહ અને બેન કાર્સન – બંને નાના હતા ત્યારે ખૂબ હિંસક વૃત્તિના હતા. પણ અસમાન બાબત એ છે કે, એક મોટા થઈને પ્રસિદ્ધ ન્યૂરોસર્જન થયા અને બીજા મોટા થઈને ખૂંખાર ડાકુ થયા. આવો આસમાન-જમીનનો ફરક પડી ગયો, એનું કારણ શું છે? તો જવાબ છે, બંનેની માતાઓની જાગૃતિનો ભેદ. એકની માતા જાગી ગઈ તો એનો દીકરો ન્યૂરોસર્જન થયો અને બીજાની માતા સૂતી રહી તો એનો દીકરો ડાકુ થયો.

અત્યારે મોટાભાગના વાલીઓનો વલોપાત વાણી દ્વારા વહે છે કે, 'આજકાલ છોકરાંઓ બગડી ગયાં છે.' 'કોઈનું સાંભળતા નથી.' 'આજના જમાનામાં છોકરાંઓને કશું કહેવાતું પણ નથી.' આવાં વાક્યોનાં તો પૃષ્ઠોનાં પૃષ્ઠો ભરાય, એટલી બધી ફરિયાદ વાલીઓના અંતરમાં હોય છે. વાલીઓનો દાવો સાચો હશે, એમાં બેમત નથી પણ હવે કરવું શું?

તો પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એમના જીવન દ્વારા શીખવતા કે, ફરિયાદ કરવાને બદલે આપણે જાગી જવું. It is better to light a candle than to curse the darkness. તેઓ બાળમાનસને પારખી તેમને સંસ્કાર આપવાનું અભૂતપૂર્વ કાર્ય કરતા.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૭ની સાલમાં ગાંધીનગરસ્થિત અક્ષરધામના રજત જયંતી અવસરે કહ્યું હતું કે, 'પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં મંદિર બનાવે તો એમને ખબર હોય કે અહીં જે રીતે બાળકોનો ઉછેર થયો છે તેના માટે તો મંદિરમાં જિમ્નેશિયમ બનાવવું જ પડે.' સ્વામીશ્રીએ ફરિયાદ ન કરી કે પરદેશમાં પાંગરતી બાળ-યુવા પેઢી બગડી ગઈ છે અને મંદિરે આવતી નથી. તેઓએ આ પ્રશ્નમાંથી બહાર આવવાનો રસ્તો શોધી કાઢ્યો કે રમવાના બહાને પણ બાળકો-કિશોરોના પગ મંદિર બાજુ મંડાશે તો ભવિષ્યમાં તેઓ સત્સંગ કરવા પણ મંદિરમાં એકત્રિત થશે.

આ હતી તેઓની જાગૃતિ. તેઓની જાગૃતિના પરિપાક રૂપે આજે દેશ-વિદેશમાં હજારો બાળમંડળો કાર્યરત છે, જેનો પનો આદિવાસી વિસ્તારોથી લઈને અમેરિકા સુધી વિસ્તરેલો છે. આ બાળમંડળો દ્વારા લાખો બાળકો સંસ્કાર, સદાચાર અને શિક્ષણસંબંધી પ્રેરણાઓ પ્રાપ્ત કરે છે.

આજે આપણે સંતાનોના સંસ્કારોના ધોવાણથી વ્યથિત થઈએ છીએ, આપણે બાળકોની ગેરવર્તણૂકથી ગ્લાનિ અનુભવીએ છીએ પણ શું કામ આપણે એની સામે જાગ્રત ન થઈએ? એવી જાગૃતિનો સમય હવે પાકી ગયો છે... ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ, અબ રૈન કહાં જો સોવત હૈ...

ચાલો બીજાને સમજતા શીખીએ

સરદાર વલ્લભભાઈ પટેલના પૌત્ર બિપીને અમેરિકાથી આવીને દાદા સરદારને મળવા જવાની ઈચ્છા વ્યક્ત કરી. પિતા ડાહ્યાભાઈએ તેને કહ્યું, 'બેટા, તું આવાં મિલમાં બનેલાં કપડાં પહેરીને દાદાને મળવા માટે જાય, તો એમને કેવું લાગશે? કારણ કે તે તો ખાદીનાં કપડાંના આગ્રહી છે.' પણ બિપીને એમની વાત ગણકારી નહીં. તેનાં કપડાં જોઈને સરદારની સંભાળ રાખતાં તેમનાં પુત્રી અને બિપીનનાં ફઈ એવાં મણીબહેન પણ ખિજાયાં અને બોલ્યાં, 'આવાં કપડાં પહેરીને દાદા પાસે જઈશ તો દાદા તને વઢશે.' પણ બિપીને એમની વાત પણ કાને ન ધરી.

વાલીઓ ઘણી વખત પોતાના વિચારો પોતાનાં સંતાનો ઉપર પરાણે થોપી બેસાડવાના પ્રયત્નો કરે છે. સંતાનોની પસંદગી-નાપસંદગીને સમજવાનો પ્રયાસ પણ કરતાં નથી. આથી તે બે વચ્ચે એક ખાઈ રચાય છે, અંતર વધવા માંડે છે

મણીબહેન બિપીનને લઈને સરદાર પાસે ગયાં. સરદારની ચકોર નજરે બિપીનનાં આધુનિક કપડાંની તરત નોંધ લઈ લીધી. બિપીનને પણ બીક લાગી અને મણીબહેનને પણ થયું કે બાપુ હમણાં બિપીનનો ઉધડો લેશે, પણ એમના આશ્ચર્ય વચ્ચે સરદાર આ બાબતે કંઈ જ ન બોલ્યા. મણીબહેને સામેથી વાત ઉપાડી, 'બાપુ, જુઓને આ બાબલો કેવાં કપડાં પહેરીને આવ્યો છે! હું તો એને કહું છું કે ખાદીનાં કપડાં પહેર! તું આવાં કપડાં પહેરે તો કોઈક બાપુને બોલી જાય કે તમારો પૌત્ર જ વિલાયતી કપડાં પહેરે છે અને તમે ખાદીની વાતો કરો છો!'

સરદારે શાંતિથી કહ્યું, 'બિપીન હવે નાસમજ બાળક નથી કે આપણે એને સમજાવવો પડે. એને જો શ્રદ્ધા ન હોય તો ખાદી ન પહેરે, એમાં વળી શું મોટી વાત છે? શ્રદ્ધા વગર પરાણે ખાદી પહેરે તો એમાં કંઈ ભલીવાર ન આવે.' દાદા એને સમજી શકે છે એ વાત જાણીને બિપીન રાજી રાજી થઈ ગયો.

વાલીઓ ઘણી વખત પોતાના વિચારો પોતાનાં સંતાનો ઉપર પરાણે થોપી બેસાડવાના પ્રયત્નો કરે છે. સંતાનોની પસંદગી-નાપસંદગીને સમજવાનો પ્રયાસ પણ કરતાં નથી. આથી તે બે વચ્ચે એક ખાઈ રચાય છે, અંતર વધવા માંડે છે. જે સંતાન માતાપિતાથી જુદું પડતાં સોરાતું હોય તે જ પછીથી તેમની સાથે વાત કરવામાં પણ નામરજી બતાવવા માંડે. પોતાના મિત્રો સાથે કલાકો સુધી ગપ્પાં મારનાર સંતાન વાલી સાથે ક્યારેક તો જરૂર પૂરતી પણ વાત નથી કરતું. આવું થવાનું કારણ શું છે? સંતાનોને એવું લાગે છે કે વાલી અમને સમજતા જ નથી અને પરિણામે આ ખાઈ વધુ ને વધુ ઊંડી થતી જાય છે.

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો અભિગમ આ પ્રશ્નના ઉકેલ માટે ખૂબ પ્રેરણાદાયી છે. એક વખત અમદાવાદમાં તેઓનાં દર્શને કેટલાક કિશોરો આવ્યા. તેમાંના એકે કાનમાં બુટિયાં પહેર્યાં હતાં. તેથી તે વરણાગી જેવો દેખાતો હતો. એક વડીલે સ્વામીશ્રીને પૂછ્યું, 'આ બુટિયાં પહેરે કે નહીં?' સ્વામીશ્રી કહે, 'કેમ, એમાં શું વાંધો છે ? આ તો અત્યારે તમને લોકોને નવું લાગે છે, પણ પહેલાં તો ચરોતરમાં ને બધે પહેરતા જ હતા.' સ્વામીશ્રી પોતાના પક્ષમાં હતા એટલે યુવક રાજી થયો. એવામાં પેલા વડીલે ફરી પૂછ્યું, 'એટલે રાખે તો વાંધો નહીંને?' ત્યારે સ્વામીશ્રી કહે, 'આપણે રાખીએ ને ચોર કાન તોડી નાખે, તો તેવું ઘરેણું શા કામનું?' સ્વામીશ્રીની વાણીમાં આગ્રહ નહોતો, પણ કેવળ એક સમજ હતી. તે જોઈ યુવાને તરત જ સાદગી અપનાવી લીધી.

સ્વામીશ્રી યુવકોને સમજતા, તેમને અનુકૂળ થતા. તેઓ જાણતા હતા કે મરજી ન હોય છતાં કંઈક કરાવવું તેમાં ભલીવાર ન આવે. છતાં, દરેક વાતે તેઓ અનુકૂળ થઈ જતા એવું પણ નહોતું. ઘણી વખત તેઓએ યુવકોને ટોક્યા પણ છે અને જરૂર પડી ત્યાં ટપાર્યા પણ છે પણ આવું કરતાં પહેલાં તેઓ યુવકો સાથે સ્નેહતંતુથી જોડાઈ જતા. એ સ્નેહ એવો રહેતો કે યુવકો પોતાના બિનઅનુભવી નિર્ણયો છોડી દેતા અને સ્વામીશ્રી કહે તેમ અનુસરવા તૈયાર થઈ જતા.

તો ચાલો, આ મહાપુરુષોમાંથી પ્રેરણા લઈ આપણે પણ બીજાને સમજતા શીખીએ, સ્નેહપૂર્વક સમજાવતા અને અનુકૂળ થતા શીખીએ. બીજાને સમજતા શીખીશુ તો બને કે તમને લોકો સાથે જે સમસ્યા હોય તે આપોઆપ દૂર થઈ જાય. કંઈ કેટલાંય સંબંધો આ જ રીતે સચવાઈ જશે અને બગડ્યાં હોય તો સુધરી જશે.

sanskar@sandesh.com

વિશ્વ કેટલું સુંદર બની જાય ?



ડૉ. આલ્બર્ટ શ્વાઈત્ઝર આફ્રિકાના જંગલમાં અંતરિયાળ વસતા ગરીબ રક્તપિત્તિયાઓની સેવા કરી રહ્યા હતા. તેઓ એક દિવસ રક્તપિત્તિયાઓ માટેની હૉસ્પિટલનું છાપરું બાંધી રહ્યા હતા, તે વેળાએ સ્વીડનથી આવેલો એક સંદેશવાહક તેમની સમક્ષ ખડો થયો અને ખુશાલી દર્શાવતાં બોલ્યો, 'હું સ્ટોકહોમથી આવું છું. આપશ્રીને મારે...' ડૉક્ટરે વચ્ચે જ કહ્યું, 'ઠીક, ઠીક, આ પતરાનો પેલો છેડો જરા પકડવા લાગશો? સારું થયું તમે વખતસર આવી ચડ્યા, કારણ કે બીજા હાથે ખીલા મારતા મને ફાવતું નહોતું.' પોતાનો ઉમળકો સમાવીને પેલા સજ્જને ડૉક્ટર સાહેબને મદદ કરવા માંડી. ખીલા ઠોકાઈ રહ્યા પછી કહ્યું, 'ડૉક્ટર! નોબેલ પારિતોષિક સમિતિએ મને આપની પાસે મોકલ્યો છે. આપ સ્ટોકહોમ પધારો અને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક સ્વીકારો, એવી સમિતિની વિનંતી છે.' ડૉક્ટરે સહજભાવે કામમાંથી માથું ઊંચું કરીને કહ્યું, 'હું આવીશ, પણ હમણાં આવી શકાય તેવું નથી. મારે હજી આ મકાન તૈયાર કરવાનું છે. દર્દીઓને બાપડાને બહુ અગવડ પડે છે. તમે મારા વતી સમિતિનો આભાર માનજો. એ પૈસા આ મકાન બાંધવામાં બહુ કામ લાગશે.' એટલું બોલી ડૉક્ટર શ્વાઈત્ઝર પાછા પતરાં બેસાડવાના કામમાં લાગી ગયા. આમ જીવનના અંત સુધી ૫૦ વર્ષ તેમણે સેવા કરી.

માણસ કયું કામ કરે છે, એનું એટલું મહત્ત્વ નથી, જેટલું મહત્ત્વ એને સોંપાયેલું કામ તે કઈ ભાવનાથી કરે છે, તેનું છે. ભલે કાર્ય સામાન્ય જ હોય, પણ જો માણસ તેને ઉત્સાહ અને ઊમંગ સાથે પૂરા દિલથી કરે તો તે પણ મહાન જ છે. મહાપુરુષોએ સામાન્ય કાર્યો જ અસામાન્ય રીતે કર્યાં છે અને એના દ્વારા જ તેઓ મહાન બન્યા છે.

માર્ટિન લૂથર કિંગ નામક અમેરિકન સમાજસેવકે કહ્યું છે કે, 'માણસના પ્રારબ્ધમાં જો શેરી સાફ કરવાનું લખ્યું હોય તો એ તેણે એવી રીતે કરવું કે જાણે માઈકલ એન્જેલો ચિત્ર દોરે છે, બિથોવન સંગીત કંપોઝ કરે છે અથવા શેક્સપિયર કવિતા લખે છે. તેણે શેરી એટલી સારી રીતે વાળવી કે સ્વર્ગ અને પૃથ્વીના દેવતાઓ પણ કહે કે, 'અહીં કોઈ મહાન શેરી વાળવાવાળો રહેતો હશે.'

ભલે કાર્ય સામાન્ય જ હોય, પણ જો માણસ તેને ઉત્સાહ અને ઊમંગ સાથે પૂરા દિલથી કરે તો તે પણ મહાન જ છે. મહાપુરુષોએ સામાન્ય કાર્યો જ અસામાન્ય રીતે કર્યાં છે

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

મહાપુરુષોના જીવનમાં આ સિદ્ધાંત મૂર્તિમાન જોવા મળે છે.

સન ૨૦૦૦ની સાલનો પ્રસંગ છે. પ્રમુખસ્વામી મહારાજ એ વખતે અમેરિકામાં વિરાજમાન હતા. એમના ઉપર ભારતથી એક પત્ર આવ્યો. સ્વામીશ્રીએ એ પત્ર વાંચવા માટેનો પ્રયત્ન કર્યો, પણ અક્ષરો ઊકેલી શકાય તેમ હતું નહીં. છેવટે પોસ્ટ ઑફિસના પોસ્ટલ સ્ટેમ્પના આધારે ખ્યાલ આવ્યો કે, આ પત્ર ગુજરાતના ખેડબ્રહ્મા નગર પાસેના હિંગટિયાથી આવ્યો છે. સ્વામીશ્રીએ સેવક સંતને આ વિસ્તારમાં વિચરણ કરતા સંતોનો સંપર્ક કરીને આ પત્ર લખનારનો તાગ મેળવવાનો આદેશ આપ્યો. સંતોએ આ વિસ્તારમાં વિચરણ કરતાં શ્રીરંગ સ્વામીને ફોન જોડવાનો પ્રયત્ન કર્યો તો લગભગ ચારથી પાંચ કલાકે સંપર્ક થયો. સ્વામીશ્રીએ તેઓને કહ્યું કે, 'આવો પત્ર આવ્યો છે તો કયા હરિભક્તનો છે એ તમે તપાસ કરીને મને કહો.' શ્રીરંગ સ્વામીએ તપાસ કરી તો ખબર પડી કે એ ગામના રેશ્મા પારઘીએ પોતાના ગામનો હેન્ડપમ્પ બગડી ગયો હોવાથી સ્વામીશ્રીને પત્ર લખ્યો હતો. સ્વામીશ્રીને જ્યારે આ વાતની જાણ કરાઈ ત્યારે તેઓએ તરત જ આદેશ આપતાં કહ્યું કે, 'ગમે તેમ કરીને તમે એમનો હેન્ડપમ્પ રિપેર કરી આપો. જો હેન્ડપમ્પ રિપેર થાય એમ ન હોય તો સંસ્થા વતી નવો નાંખી આપજો.'

પ્રમુખસ્વામી મહારાજે સાત લાખથી વધારે પત્રોના ઉત્તર લખ્યા છે અને તે પણ પ્રત્યેક પત્રને તેઓએ આટલી બધી અગ્રિમતા આપી છે.

આજે વિશ્વમાં half-heartednessનો બહુ જ મોટો પ્રશ્ન છે. માણસ ક્રિયા તો કરે છે, પણ અર્ધ-હૃદયથી, કંટાળા સાથે અને રસ વિના. તે જે કાર્ય કરે છે, તેમાં એને કોઈક ને કોઈક ફરિયાદ રહેતી હોય છે. આથી જ સમય અને શક્તિનો વ્યય કરવા છતાં તેને જોઈએ એવું પરિણામ નથી મળતું. જ્યારે મહાપુરુષોની આ જ વિશેષતા છે કે તેઓ પ્રત્યેક કાર્ય whole-heartedly કહેતાં પૂરા દિલથી કરે છે. આથી, તેઓ દ્વારા થતું પ્રત્યેક કાર્ય સકારાત્મક આંદોલનો સર્જે છે.

વિશ્વનો પ્રત્યેક નાગરિક જો મહાપુરુષોએ ચીંધેલા આ માર્ગને અનુસરે તો વિશ્વ કેટલું સુંદર બની જાય?

sanskar@sandesh.com

આ અહમ્ કહેવાય

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



> **આઈ નાનો રાખવો એ સારા સંસ્કાર છે. જો તમે સજાગ અને બુદ્ધિશાળી હશો તો સમજી શકશો કે આવડત માત્ર તમારામાં જ છે એવું નથી, દરેક વ્યક્તિ કોઈ ક્ષેત્ર, કોઈ વસ્તુમાં તમારાથી વધારે હોશિયાર હોવાની જ**

મારા ઘરમાં હું નક્કી કરું એમ જ થવું જોઈએ. જો એમ ન થાય તો ઘરના સભ્યો ખરાબ, તેમને ધાકધમકી આપીને કે મહેણાંટોણા મારીને મારી ઈચ્છા મુજબનું જ કરાવવું, કારણ કે હું આ ઘરનો ખર્ચ પૂરો કરું છું. હું આ ઘરને ચલાવું છું, અથવા તો ઘર ચલાવવામાં સૌથી મોટો ફાળો મારો છે. એટલે જ હું ચાહું એમ તો થવું જ જોઈએ. આ સંસ્કાર નથી. આને અહમ કહેવાય. તમે જ સર્વેસર્વા અને તમારા ઘરમાં તમે ચાહો એમ જ બધું થવું જોઈએ, એ ભ્રમણા દરેક આવું વિચારતી વ્યક્તિએ પોતાના મનમાંથી કાઢી નાખવી જોઈએ, કારણ કે આ ભ્રમણા એ ખરેખર તમારી અંદર રહેલો તમારો અહમ છે. યાદ રાખો, આ અહમ તમને એક વાર ડુબાડીને રહેશે.

જે વ્યક્તિ ખરા સંસ્કારની વાત કરે છે, સંસ્કારીપણાની વાત કરે છે તે ક્યારેય અહમને મોટો નથી થવા દેતો. જે વ્યક્તિની અંદર યોગ્ય સંસ્કારનું સિંચન થયેલું છે તે પોતાની અંદર 'હું'પણાને ક્યારેય આવવા નથી દેતો. કોઈ પણ મજબૂત સાંસારિક જીવનને ઝીણવટપૂર્વક ચકાસશો તો જાણ થશે કે એ યુગલમાં કોઈ બોસ નથી હોતું. કોઈ પણ ઘર ત્યારે જ સારી રીતે ચાલે અને ટકે જ્યારે એ ઘરમાં કોઈ વ્યક્તિ સર્વેસર્વા હોવાને બદલે દરેક લોકો સમજીને રહેતાં હોય. તમે જુઓ મુંબઈ, દિલ્હી જેવાં મહાનગરોમાં રોજના કેટલાંય ડિવૉર્સના કેસ નોંધાય છે, આ પાછળ મોટાભાગે બે વ્યક્તિનો અહમ જ જવાબદાર હોય છે. જે વ્યક્તિની અંદર જતું કરવાની ભાવના ન હોય, જે વ્યક્તિ પોતાના અહમને પોતાના સંબંધ કરતાં ઉપર સમજતી હોય તેના સંબંધોની ડોર નબળી જ હોય છે, કારણ કે અહમ નામનો રાક્ષસ તમારા સંબંધને ખોખલા બનાવવાનું કાર્ય કરતાં ક્યારેય અચકાતો નથી.

મારી ઈચ્છા પ્રમાણે જ મારા વર્તુળમાં બધું ચાલવું જોઈએ, મારી સત્તા પ્રમાણે જ મારા કાર્યક્ષેત્રમાં બધું થવું જોઈએ. આ મોટામાં મોટા કુસંસ્કાર છે. તમારી ઈચ્છા પ્રમાણે બધું થવું જોઈએ એ વાતનું રટણ પકડી રાખવાના બદલે થોડું બીજાની અનુકૂળતા પ્રમાણે વર્તન કરતાં શીખો. થોડું બીજાની અનુકૂળતા પ્રમાણે રહેતાં શીખશો તો સંબંધોમાં અને બીજે પણ દરેક જગ્યાએ ઘણી સાનુકૂળતા સાધી શકશો. તમે અન્ય વ્યક્તિને સમજીને થોડા સરળ થઈ શકો એ મોટામાં મોટા સંસ્કાર છે. યાદ રાખો, અહમશૂન્ય હોવાના સંસ્કાર એ દરેક સંસ્કારની જનની છે.

પ્રમુખ સ્વામી મહારાજને કોઈએ કહ્યું કે સ્વામીજી, તમે કોઈને પત્ર લખો ત્યારે આશીર્વાદ છે અને પ્રાર્થના છે એવું લખો છો, પણ આજે અંગ્રેજીમાં આઈ બ્લેસ યુ લખો. પ્રમુખ સ્વામી મહારાજ કહે ભલે, તમે જેમ કહો એ રીતે હું લખીશ. તેમણે બીજાની મદદ લઈને પત્રમાં અંગ્રેજીમાં i BLESS YOU લખ્યું. હવે અહીં મેં જે રીતે લખ્યું છે એ જ રીતે તેમણે પણ પત્રમાં લખ્યું. બધા જ અક્ષરો કેપિટલમાં, માત્ર i એક જ સ્મોલ લેટરમાં હતો. તેમણે એક સંતને પત્ર આપ્યો. સંતે પત્ર વાંચીને કહ્યું સ્વામીજી અંગ્રેજી વ્યાકરણનો નિયમ છે કે આઈ કેપિટલ આવે. તમે બધા અક્ષરો કેપિટલ કર્યા છે, માત્ર આઈ જ સ્મોલમાં લખ્યો છે. સ્વામીજીએ સ્મિત સાથે સંતને કહ્યું કે અંગ્રેજીનો નિયમ ભલે રહ્યો, હું જાણું જ છું કે અંગ્રેજીમાં એ નિયમ આવે, પણ હું મારા જીવનમાં હંમેશાં આઈ નાનો જ રાખતો આવ્યો છું. એટલે જ મેં અહીં એ રીતે લખ્યું છે. જીવનમાં 'આઈ' દરેક વ્યક્તિ નાનો રાખશે તો સુખી થઈ જશે, જો એ 'આઈ' કેપિટલ હશે તો અનેક સમસ્યાનો સામનો કરવો પડશે, માટે જો જીવનને સુખી રાખવા માંગતા હો તો દરેક વ્યક્તિએ પોતાનો આઈ સ્મોલ જ રાખવો. એ સ્મોલ હશે તો ક્યારેય કોઈ તકલીફ નહીં ઊભી થાય.

આઈ નાનો રાખવો એ સારા સંસ્કાર છે. જો તમે સજાગ અને બુદ્ધિશાળી હશો તો સમજી શકશો કે આવડત માત્ર તમારામાં જ છે એવું નથી, દરેક વ્યક્તિ કે જેણે આ ધરતી ઉપર જન્મ લીધો છે એ કોઈ ક્ષેત્ર, કોઈ વસ્તુમાં તમારાથી વધારે હોશિયાર હોવાની જ. જેમ તમે કોઈ વસ્તુમાં પાવરધા છો એમ બીજી વ્યક્તિ બીજી વસ્તુમાં પાવરધી હોવાની. દરેક વ્યક્તિ સર્વગુણ સંપન્ન નથી હોતી. એમ દરેક વ્યક્તિને સાવ કંઈ ન આવડતું હોય એવું પણ નથી હોતું. માટે હું જ બધું છું, એવો ભ્રમ એ અહમથી વધારે બીજું કંઈ જ નથી.

sanskar@sandesh.com

પ્રગતિ માટે અનિવાર્ય ગુણો : ઊંડાણ અને વ્યક્તિની પ્રામાણિકતા

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

પ્રબળ પુરુષાર્થ, માણસાઈ, દયા, કરુણા, વફાદારી, ઊંડાણ, સચ્ચાઈ વગેરે ગુણો જ મનુષ્યને સાચા અર્થમાં સફળ બનાવે છે, એ હશે તો મનુષ્ય ક્યારેય ક્યાંય પાછો નહીં પડે, તમે આ બધાં જ ગુણોથી સત્તકર્મો તો કરી શકશો અને સફળતા પ્રાપ્ત કરી શકશો

આજના યુગમાં સૌ કોઈની દોટ છે સફળતા તરફ. સૌને આગળ વધવું છે, પોતાની જાતને સાબિત કરવી છે, પરંતુ પ્રગતિ અને સફળતા પામેલા લોકો તરફ જ્યારે નજર કરીએ ત્યારે તેઓની પ્રગતિનું રહસ્ય તેઓના ગુણોમાં વિલસતું દેખાય છે. પ્રબળ પુરુષાર્થ, માણસાઈ, દયા, કરુણા, વફાદારી, ઊંડાણ, સચ્ચાઈ વગેરે ગુણો જ મનુષ્યને સાચા અર્થમાં સફળ બનાવે છે.

તેમાંથી આજે બે ગુણોની વાત કરીએ - ઊંડાણ અને સચ્ચાઈ. વિશ્વવંદનીય સંતવિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન આ બે ગુણોની પ્રતિમૂર્તિ સમાન હતું. ૧૯૯૯ની વાત છે. પ્રમુખસ્વામી મહારાજ ઈંગ્લેન્ડના નોટિંગહામ શહેરમાં હતા. તેમના પર ભારતથી એક ટપાલ આવી, પરંતુ ટપાલમાં અક્ષર એટલા ગરબડિયા હતા કે તેઓ કંઈ ઉકેલી જ ન શક્યા કે લખનાર શું કહેવા માંગે છે. પ્રમુખસ્વામી મહારાજ પર સરેરાશ રોજ પચાસથી સિત્તેર પત્રો આવતા અને તેઓ અચૂકપણે તે પત્રોનો ઉત્તર આપતા. તેઓએ કુલ સાડા સાત લાખથી વધુ પત્રોના ઉત્તર પાઠવેલા છે. હવે રોજ સિત્તેર પત્રો આવતા હોય તેમાં એકાદ પત્ર ન સમજાય તો ચાલી જાય. લખનારને ખરેખર જરૂર હશે તો ફરીથી લખશે - આવા વિચારો કદાચ કોઈને આવી પણ જાય, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ જુદા હતા. ઊંડાણ અને પ્રામાણિકતાને વરેલા હતા. તેઓ દસ મિનિટ સુધી પત્રના લખાણને ઉકેલવા પ્રયત્ન કરતા રહ્યા. સાથેના અન્ય સંતોને પણ એ પત્ર આપી ઉકેલવા જણાવ્યું, પરંતુ પત્રમાં શી વાત લખી છે કોઈ પામી જ ન શક્યું. માત્ર એટલું જ ઉકેલી શકાયું કે પત્ર લખનારની અટક 'પારગી' છે.

આવી પરિસ્થિતિમાં પણ પ્રમુખસ્વામી મહારાજે પ્રયત્નો તજ્યા નહીં. ઊંડાણપૂર્વક કાર્ય કરવું અને જેણે યોગ્ય ઉત્તરની અપેક્ષાથી પત્ર લખ્યો છે તેને પ્રામાણિકતાપૂર્વક ઉત્તર પાઠવવો એ તેઓની પ્રકૃતિ હતી. તેઓએ સંતોને કહ્યું કે ટપાલ પર પોસ્ટઓફિસનો સિક્કો હશે, જુઓ તો કયા વિસ્તારમાંથી આવે છે? ટપાલ પર ખેડબ્રહ્મા પોસ્ટનો સિક્કો હતો. પ્રમુખસ્વામી મહારાજ જાણતા હતા કે ખેડબ્રહ્મા વિસ્તારમાં તેઓના સંત શ્રીરંગ સ્વામી વિચરણ માટે જાય છે અને તે વિસ્તારમાં 'પારગી' પ્રજાતિના આદિવાસી ભાઈઓ રહે છે. આથી તેઓએ ટપાલસંબંધી તપાસ કરવા માટે શ્રીરંગ સ્વામીને ફોન જોડ્યો. શ્રીરંગ સ્વામી ત્યારે ગામડે વિચરણ કરવા ગયા હોવાથી વાત ન થઈ શકી. સતત બે દિવસના પ્રયત્નો બાદ શ્રીરંગ સ્વામીનો સંપર્ક થયો અને પ્રમુખસ્વામી મહારાજે તેઓને બધી વિગત જણાવી કે - કોઈ પારગીની ટપાલ આવી છે પણ કંઈ સમજાતું નથી કે શું લખ્યું છે. જરા તપાસ કરો કે કોણે લખ્યું છે. શ્રીરંગ સ્વામીએ તપાસ કરતાં ખબર પડી કે હિંગટીયા ગામનાં રેશમા પારગીએ ટપાલ લખેલી. તેની સમસ્યા એ હતી કે ગામમાં પીવાના પાણી માટેનો જે હેન્ડપંપ હતો તે બગડી ગયો હતો. આથી ગામની મહિલાઓને ચાર ચાર માઈલ દૂર પાણી માટે જવું પડતું હતું. સરકારી પ્રક્રિયાથી અજાણ આ ગરીબ આદિવાસીબંધુઓને હેન્ડપંપ રિપેર કરાવવાનો બીજો કોઈ ઉપાય ન દેખાતા છેવટે પ્રમુખસ્વામી મહારાજને પત્ર લખેલો. તેઓને વિશ્વાસ હતો કે પ્રમુખસ્વામીજી અવશ્ય સહાય કરશે.

અને થયું પણ એવું. સમસ્યાથી વાકેફ થતાં જ તેઓએ તરત જ હેન્ડપંપ પુનઃ ચાલુ થાય તેની તજવીજ શરૂ કરાવી અને ગણતરીના દિવસોમાં જ તે હેન્ડપંપ પુનઃ કાર્યરત થઈ ગયો.

આ હતી પ્રમુખસ્વામી મહારાજની કાર્યશૈલી. રોજની સિત્તેર જેટલી ટપાલો આવતી હોય એવામાં પણ અત્યંત જટિલ અને ગરબડિયા અક્ષરોવાળી ટપાલમાં તેઓ ઊંડા ઊતર્યા, સમસ્યા જાણી અને પ્રામાણિકતાથી તેની મદદ પણ કરી.

સફળતા પાછળ આપણે સૌ ભાગીએ તો છીએ, પરંતુ તેનું રહસ્ય આવા ગુણોમાં છુપાયેલું છે. તો આવો, આ મહાન સંતમાંથી પ્રેરણા પામી આપણે પણ ઊંડાણપૂર્વક, ચીવટપૂર્વક અને પ્રામાણિકતા સાથે કાર્ય કરવા કટિબદ્ધ થઈએ.

sanskar@sandesh.com